**સુવિચાર**

“વૃક્ષ આપણને શીખવે છે કે અંદરથી તૂટવાનું નથી, ફૂટવાનું છે.”

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૦૮/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
ચોકલેટ મોદક
માવા મોદક
ડ્રાયફ્રુટ મોદક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૮ વર્ષ : ૧૬ અંક : ૨૨૧


## ભાજપનાં દિગ્ગજ નેતાઓ અમર ડેરીનાં સ્થાપક દિલીપ સંઘાણી અને સાંસદ રૂપાલાની ઉપસ્થિતિમાં

# અમર ડેરીનાં ચેરમેનપદે સાવલિયા અને વાઇસ ચેરમેનપદે મુકેશ સંઘાણી પૂનઃ આરૂઢ

**નાયબ કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલ બોર્ડ બેઠકમાં ચેરમેન, વાઇસ ચેરમેનની વરણી કરાઇ**

**ચેરમેનપદ માટે અશ્વિન સાવલિયાની દરખાસ્ત ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીએ રજૂ કરેલ**

**વાઇસ ચેરમેનપદે મુકેશ સંઘાણીની દરખાસ્ત સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ રજૂ કરી**

**નવનિયુક્ત ચેરમેન અને વાઇસ ચેરમેનને ભાજપ, સહકારી ક્ષેત્ર અને વેપારી જગતે શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૩૦

અમરેલીજિલ્લાસહકારીદૂધ ઉત્પાદક સંઘ લી.ની બોર્ડ ઓફ ડિરેકટરની અગાઉ ચૂંટણી બિનહરીફ થયા બાદ આજે બોર્ડ ઓફ ડિરેકટર્સની પ્રથમબેઠકમળેલહતી.જેડેપ્યુટીકલેકટર કમ ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલહતી. જેમાંચેરમેનઅનેવાઈસ ચેરમેનનીચૂંટણી કરવામાંઆવેલહતી.

આ ચૂંટણીમાં ચેરમેન માટે અનિભાઈ સાવલિયાના નામની દરખાસ્તઈફકોનાચેરમેનદિલીપભાઈ સંઘાણીએકરેલહતી.જયારેતેદરખાસ્તને રાજકોટના સાંસદ પુરષોત્તમભાઈ રૂપાલાએટેકોઆપેલહતો.

જયારેઆજસંસ્થાનાવાઈસ ચેરમેન માટે મુકેશ સંઘાણીના નામની દરખાસ્ત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણ પટેલદ્વારા કરવામાંઆવેલહતીઅનેતે દરખાસ્તનેરાજેશભાઈ માંગરોળીયાએ ટેકોઆપેલહતો.

અમરેલીજિલ્લાસહકારીદૂધ ઉત્પાદકસંઘલી.નાપ્રમુખઉપપ્રમુખમાટે ઉમેદવારીપત્ર ભરવાના સમય દરમિયાન બીજા કોઈ સભ્ય દ્વારા ઉમેદવારીપત્ર નહીં ભરાતા નાયબ કલેકટર અને ચૂંટણી અધિકારી નાકિયા દ્વારા અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના ચેરમેન તરીકે અનિભાઈ સાવલિયા અને વાઈસ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## એડિશનલ ચીફ કોર્ટમાં કેસની સુનાવણી થતા

# અમરેલીનાં તત્કાલીન પીઆઇ કટારા અને પોલીસ સ્ટાફ પર હુમલો કરવાનાં ગુન્હામાં આરોપીઓ નિર્દોષ

**આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૩૦

નિવૃત ડી.વાય.એસ.પી. અને તત્કાલીન પી.આઈ. કટારા તથા પોલીસ સ્ટાફ પર જીવલેણ હુમલો કરનાર આરોપીઓનો નિર્દોષ સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીએ છુટકારો કરાવેલ છે.



આ બનાવની વિગત એવા પ્રકારની છે કે, અમરેલી મુકામે પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવતા તત્કાલીન પોલીસ ઈન્સ. કે.વી. કટારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે તેઓ તેમની સાથેના પોલીસ કર્મચારીઓને લઈને અમરેલી શહેરમાં પેટ્રોલીંગ માટે નીકળેલા ત્યારે રાજકમલ ચોકમાંનો પાર્કીંગ ઝોનમાં રાજેશ લખુભાઈના નામના ડ્રાઈવરે તેમની મહિન્દ્રા મીની બસ જી.જે ૧૪ ટી ૩૮૪ વાળીનો પાર્કીંગ ઝોનમાં પાર્ક કરીને પેસેન્જર બેસાડવા માટેથી સાદ પાડતા હોય અને તે માટેનો પાર્કીંગ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## શહેરીજનો ચાલવામાં કે વાહનચાલકો જરાપણ બેદરકાર રહે એટલે અકસ્માત નક્કી

# અમરેલીનાં ટ્રાફિકથી ધમધમતા રાજમાર્ગો ઉપર ઠેકઠેકાણે ભૂગર્ભ ગટરનાં ઢાંકણા ખુલ્લા ને માર્ગમાં ગાબડા

**એ-ગ્રેડની પાલિકામાં ભાજપનું શાસન સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ**





અમરેલી, તા. ૩૦

અમરેલીએજિલ્લાનુંમુખ્ય મથક છે. અહિ દિગગજ નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ, નામી ઉદ્યોગપતિઓ, ધાર્મિકસંસ્થાનાંવડાઓનુંનિવાસસ્થાન હોવા છતાં ભાજપ શાસિત પાલિકા શહેરનીદોઢલાખજનસંખ્યાનેપ્રાથમિક સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ છે.

ભ્રષ્ટાચાર, અનિયમિતતા અનેબેદરકારીથીખદબદતીપાલિકાનાં પાપે શહેરનાં રાજમાર્ગો ઉપર ભૂગર્ભ ગટરનાં ઢાંકણા ગાયબ છે, ઠેકઠેકાણે માર્ગમાં ગાબડા જોવા મળે છે, રખડતા પશુઓ, બંધસ્ટ્રીટલાઈટ, જાહેર માર્ગો ઉપર દબાણ, વિકરાળ ટ્રાફિક સમસ્યા સહિતનીપરિસ્થિતિવચ્ચેશહેરીજનોને ઘરની બહાર નીકળતાં પહેલા સો વાર વિચાર કરવો પડે તેવી ગંભીર પરિસ્થિતિ જોવામળતીહોયજાગૃતએડવોકેટસંદિપ પંડયાએસમસ્યાદૂરકરવામાંગકરીછે.


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
93,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી



યુગનિર્માણગાયત્રીપરિવાર ટ્રસ્ટ ચલાલા ધ્વારા ગણેશ ચતુર્થીની શાનદારઉજવણીકરવામાંઆવી.ભવ્ય મંદિરમાં બિરાજતા સિધ્ધી વિનાયક દુંદાળા દેવ ભગવાન ગણેશજીનું પુજન સંસ્થાનાવડાપૂં.સંતડો.રતિદાદા,ભારત ભુષણમહેશભાઈ,મંજુબાતથાડાયરેકટર શીતલબેનધ્વારાકરવામાંઆવ્યુંહતું.ગણેશ ભગવાનની આરતી કરવામાં આવી. આરતી દરમિયાન સૌએ ભગવાન ગણેશજીનાઆશિર્વાદથીજ્ઞાન,વિદ્યાઅને સુખ–શાંતિની કામના કરી. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર શીતલબેન સંસ્કૃત શકિત ગુરૂકુળના સ્ટાફગણ તથા બાળકો, હોસ્ટેલના બાળકોએ 'ગણપતિબાપા મોરિયા' ના નાદ સાથે ગજાનન ગણપતિ દાદાનુંસ્વાગતકર્યુહતું.આપ્રકારનાધાર્મિક કાર્યક્રમોધ્વારાબાળકોમાંસંસ્કાર, એકતા અનેઆધ્યાત્મિકતાપ્રત્યેનીભાવનાવધેછે. એવીવાતસંસ્થાનાશિલ્પીડો.સંતરતિદાદા ધ્વારા કરવામાંઆવી. સમગ્રઉજવણીમાં ભારત ભુષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન, સંસ્કૃત શકિત ગુરૂકુળના સ્ટાફગણેજેહમતઉઠાવીહતી.

### કળિયુગમાં સતયુગની યાદ અપાવતી ઘટના

## અમરેલી પાલિકાનાં મહિલા સફાઈકર્મીને સફાઈ દરમિયાન સોનાની અંગૂઠી મળી

### પાલિકા પ્રમુખની રૂબરૂમાં માલિકને અર્પણ કરી

અમરેલીતા. ૩૦

આજના કળીકાલ યુગમાં ઈમાનદારી મરી પરવારી છે ત્યારે અમરેલી નગર પાલિકાના એક મહિલા સફાઈ કર્મીને સફાઈ દરમ્યાન એક અરજદારની પડીગયેલ રૂ.૪૦હજારની સોનાની અંગૂઠી મળેલ હતી જે અંગૂઠી પાલિકા પ્રમુખની રૂબરૂમાં પરત કરી ઈમાનદારિનુ ઉદાહરણ પૂરૂ પાડેલહતું.



પ્રાપ્તવિગતમુજબ અમરેલી નગર પાલિકા કચેરીમા સફાઈ કામ કરતા કંચનબેન એન ચૌહાણને પાંચ દિવસ પહેલા સફાઈ કામગીરી દરમ્યાન એક સોનાની અંગૂઠી મળેલ હતી. જે અંગૂઠી પાલિકાના કર્મી પ્રવીણભાઈ બારૈયાને સોંપેલહતી. બાદમાંઆજેઆઅંગૂઠીની મૂળ માલિક એવી અમરેલી શહેરના ચિતલ રોડ ઉપર રહેતી માનસી લકુમ નામની યુવતીની હોવાનું માલુમ પડેલ હતું. યુવતીને પાલિકા કચરીએ રૂબરૂ બોલાવીઅંગૂઠીનીખાતરીકરાવીસફાઈ કર્મી કંચનબેન અને પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણીનાહસ્તેયુવતીને અંગૂઠીપરત કરવામાંઆવેલહતી. રૂા. ૪૦ હજારની કિંમતની અંગૂઠી પાંચ હજારનો પગાર મેળવતા મહિલા સફાઈ કર્મીએ પરત આપી આજના બેઈમાનીનાસમયમાંઈમાનદારીનુંશ્રેષ્ઠ ઉદાહરણપૂરૂ પાડેલહતું. પાલિકાપ્રમુખ અને ચીફ ઓફિસર વિનોદ રાઠોડે સફાઈકર્મીમહિલાનેપોતાનીઈમાનદારી બદલઅભિનંદનઆપેલહતા.

### સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા

## બાઢડા, સુરજવડી અને ઘનશ્યામનગર ગામોમાં કુલ રૂા. ૧૮.૨૫ લાખના વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત

### ગ્રામ્ય વિસ્તારમાં સુવિધામાં થશે વધારો



સાવરકુંડલા, તા. ૩૦

સાવકુંડલા–લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરકારમાંથી સતત કરોડો રૂપિયાની ગ્રાન્ટ લાવીને વિસ્તારના કાર્યોને વેગ આપ્યો છે. હાલમાં જ તેમણે સાવરકુંલા તાલુકાની ધજડી, સુરજવડી અને ઘનશ્યામનગર ગામની મુલાકાત લીધી હતી.

ધારાસભ્યએ ધજડી ગામમાં લોક સંપર્ક કર્યો હતો. સુરજવડી ગામે રૂા. ૮.૭૫ લાખના ખર્ચે કોઝવે, સી.સી. રોડ, અવેડો અને સ્મશાનની દીવાલના કામોનું ખાતમુર્હૂત કર્યુ હતું. આ ઉપરાંત ઘનશ્યામનગર ગામે રૂા. ૯.૫૦ લાખના બ્લોક રોડ, દીવાલ સ્મશાનની છાપરીના કામોનું ખાતમુર્હૂત કર્યુ હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, જિલ્લા પંચાયત સભ્ય લાલભાઈ મોર, તાલુકા ભાજપના ભુપેન્દ્રભાઈ ખુમાણ, મહેશભાઈ ભાલાળા, દીપકભાઈ મકવાણા, સંજયભાઈ બરવાળીયા, ચંદ્રેશભાઈ રામાણી, જયસુખભાઈ રાદડીયા, જીતુભાઈ ચોવટીયા સહિતના આગેવાનો ગામના સરપંચ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : સનરાઈઝ વિદ્યાલય ખાતે ગણેશ ઉત્સવની ઉજવણી



અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં આવેલા સનરાઈઝ વિદ્યાલય ખાતે બાળકો દ્વારા ગણેશ ઉત્સવ આયોજન કરવામાં આવ્યું. અમરેલી શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ ચોટલીયા તથા ટીમના હસ્તે આરતીનો લાહવો લેવા આવ્યો. બાળકો દ્વારા વિવિધ વેશભૂષામાં તૈયારી કરી સમગ્ર વાતાવરણ ને ભક્તિમય બનાવવામાં આવ્યું હતું.

આ તકે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ ઉપાધ્યાય, અમરેલી શહેરના ઉપપ્રમુખ ધર્મેશભાઈ અજાણી, મંત્રી રેખાબેન પરમાર, આરતીબેન અટારા ઉપસ્થિત રહ્યાં હતા. શાળાના આચાર્ય મૌલિકભાઈ ઉપાધ્યાય દ્વારા શાળા સ્ટાફ તથા વિદ્યાર્થીઓના સુંદર આયોજન બદલ શુભેચ્છા પાઠવવામાં આવી.

## કોટડાપીઠા : મુખ્ય મંદિર ખાતે ગણેશ ઉત્સવની ઉજવણી



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૩૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ખાતે આવેલ. મુખ્ય રામજી મંદિર ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. દરરોજ ગણપતીદાદાની આરતી, પુજન, અર્ચન, પ્રસાદી વિતરણ સહિતનાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં ભકતજનો લાભ લઈ રહ્યા છે.

### નાગરિકોને ૩ ટિકિટ આપી ફ્રીઝની લાલચ આપી

## રાજુલાનાં ચૌત્રા ગામે ખોટી સ્કીમ આપી છેતરપીંડી કરતી રાજસ્થાની ગેંગ ઝડપાઈ

### રૂપિયા ૧.૩૯ લાખની છેતરપીંડી કર્યાની ફરિયાદ હતી

અમરેલી, તા. ૩૦

મુળરાજસ્થાનનાજેસલમેર જિલ્લાના વતની પપુરામ બાબુરામ ચૌધરી તથા રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની અમૃતલાલ દેશલારામ ચૌધરીનામનાઈસમો રાજુલાતાલુકાના ચૌત્રા ગામમાં ફોર વ્હીલ ગાડી લઈને આવી ગામના લોકોને ત્રણ ટીકીટો લેવાની અને તેના પર એક ગોદરેજ કંપનીનુ ફ્રીજ મફતમાં વાયદો આપેલ હતો. અને ઈનામી ટીકીટમાં સારૂ વસ્તુ લાગવાનો ભરોસો આપી લોભામણી સ્કીમની ટીકીટો આપી ટીકીટોમાં જણાવ્યા મુજબની વસ્તુઓ ન આપી લોકો પાસેથી રૂપિયા ૧૧,૯૯૭ રૂપીયા તથા ગામના અલગ–અલગ લોકો પાસેથી મળી કુલ રૂપિયા ૧,૩૯,૯૬૫ની ઈનામી સ્કીમ વાળી ટીકીટો આપી અને ગામના લોકો સાથે વિસઘાત તથા છેતરપીંડી કરેલ જે અંગેરાજુલાપોલીસસ્ટેશનમાંભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ની કલમ ૩૧૮(૪), ૬૧(૧) તથા ગુજરાત પોટેકશન ઈન્ટરેસ્ટ ઓફડી પોઝીટર્સ (GPID Act) એકટની કલમ ૩ તથા ઈનામો છેતરરપીડીં અને પૈસા સરકયુલેશન સ્કીમ બુધ અધિનીયમની કલમ ૩,૪ મુજબનો ગુન્હો રજી થયેલ હતો.



આ બનાવ અંગે રાજુલાના પોલીસ ઈન્સ્પે.એ.ડી. ચાવડાએ સદરહુ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ અલગ સર્વેલન્સ ટીમ બનાવી આ ગુન્હાના આરોપીને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હતી. જે અન્વયે સર્વેલન્સ ટીમદ્વારાઅલગ–અલગદીશામાતપાસ કરતાહ્યુમનતથાટેકનીકલસોર્સઆધારે સદરહુ ગુન્હો રાજસ્થાની ગેંગ આચરતી હોય અને સર્વેલન્સ ટીમ દ્વારા રાજસ્થાની ગેંગના પપુરામ બાબુરામ ચૌધરી તથા અમૃતલાલ દેશલારામ ચૌધરી નામના બે આરોપીને અલગ અલગ ઘર વપરાશની ચિજવસ્તુ તથા ઈલેકટ્રોનીકસ આઈટમો જે ટીકીટોમાં ઈનામી સ્વરૂપે બતાવતા જેની કીમત રૂપિયા ૨૨,૫૦૦ મોબાઈલફોન નંગર જેની કીમત રૂપિયા ૯૩૦૦ મળી કુલ રૂપિયા ૩૧,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

જયારે આ બનાવના નાસતા ફરતા રાજસ્થાનના બાડમેર ગામે રહેતા આરોપી સુમેર ચૌધરી, નરપત પરીહાર, રૂપારામ ચૌધરી તથા કીશોર ચૌધરીને ઝડપી લેવા આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

### જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની માંગ

## સાવરકુંડલાથી ગાંધીનગર રૂટની એ.સી. બસને વાયા લીલીયા–દામનગરથી ચલાવો

### એસ.ટી. ડેપો મેનેજરને પત્ર પાઠવવામાં આવ્યો

લીલીયા, તા. ૩૦

સાવરકુંડલાથી ગાંધીનગર સુધી હાલમાં નવી એ.સી. બસ શરૂ કરવામાં આવેલ જેનો રૂટ સાવરકુંડલા, અમરેલી, લાઠી, વલ્લભીપુર, ગાંધીનગર છે અને જે એ.સી. બસ અમરેલી સવારે ૭:૧૦ કલાકની આસપાસ પહોંચે છે. પરંતુ અમરેલી જિલ્લા મથક હોવાથી અમરેલીડેપોમાંતેજસમયનીઆસપાસ અન્ય બસો તે જ રૂટ પર ચાલે છે અને લીલીયા અને દામનગરથી ગાંધીનગર જવા અન્ય કોઈ બસ ચાલતી નથી. જેથી



સાવરકુંડલા–વલ્લભીપુર–ગાંધીનગર એ.સી. બસના રૂટમાં વાયા લીલીયા–દામનગર–વલ્લભીપુર કરવાથી લીલીયા તથા લાઠી તાલુકાનાં ગામડાના લોકો ગાંધીનગર સરળતાથી પહોંચી શકશે. જેથી લીલીયા–દામનગરના લોકોનાહિતમાંસાવરકુંડલા–ગાંધીનગર એ.સી. બસના રૂટમાં ફેરફાર કરી વાયા લીલીયા– દામનગર કરવા જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે સાવરકુંડલાનાં એસ.ટી. ડેપો મેનેજરને પત્ર પાઠવી માંગ કરીછે.

# અમરેલી : વિદ્યાસભા ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે ૧૦ નેશનલ ખેલાડીઓનું સન્માન કરતી હોકી ટીમ



અમરેલીવિદ્યાસભાના હોકીગ્રાઉન્ડ ખાતે નેશનલ સ્પોર્ટર્સ ડે ની ઉજવણી હોકી અમરેલી ધ્વારા કરાતા હોકી અમરેલી ધ્વારા રમી હોકી ગુજરાતની ટીમમાંથી પસંદગી પામી છતીસગઢ, ઝારખંડ, આંધ્રપ્રદેશ, તામીલનાડુ ખાતે નેશનલ લેવલે ૧૦ ખેલાડીઓ ભાગ લઈને આવતા આદોજા પૂર્વા ૩ નેશનલ મકવાણા સોનલ ૨ નેશનલ ભેડા જાન્વીએ ૨ નેશનલ તથા બાકીના એક એક નેશનલ રમેલ આવા ખેલાડીઓનું સન્માન જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, આચાર્ય સંઘના પ્રમુખ અને વેઈટ લીફટીંગ એસો. ના પ્રમુખ મુકુન્દભાઈ મહેતા, જિલ્લા રમત ગમત વિકાસ અધિકારી પૂનમબેન સીન્ડીકેટ સભ્ય સૌરાષ્ટ્ર યુનિના દિપકભાઈ વઘાસિયા, વિદ્યાસભાના મંત્રી ચતુરભાઈ ખુંટ વિદ્યાસભા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, હોકી અમરેલીના પ્રમુખ જીતુભાઈ ડેર ડાયટ અમરેલીના ભરતભાઈ ડેરે ફુલહાર તથા મોમેન્ટો આપી સન્માનિત કરેલ. સૌ પ્રથમ હોકી અમરેલીના સેક્રેટરી અને સીનીયર વાઈસ પ્રેસીડન્ટ હોકી ગુજરાતના આઈ.પી. બારડ ભારતને હોકીમાં વિશ્વ ઓલમ્પિકમાં ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬મા ૩ ગોલ્ડ અપાવી વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો પરિચય આપેલ. અને પધારેલ મહેમાનોનું સ્વાગત કરેલ. હોકી અમરેલીના ટ્રેઝરર બળદેવસિંહ ગોહિલે આભારવિધિ કરેલ. આ પ્રસંગે હોકીના કારોબારી સભ્ય ભીખુભાઈ દૂધરેજિયા, રાજદીપ બારડ ખાસ હાજરી આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે હોકી અમરેલીના તમામ સભ્યો તેમજ હોકી કોચ સંજયભાઈ, ધર્મેશભાઈ અમીપરા, ટ્રેનર સાર્થિકભાઈ ટ્રેનર મોનિકા સોગઠીયા તથા ડીએલએસએસના તમામ હોકી ખેલાડી ભાઈ બહેનોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન આઈ.પી. બારડે કરેલ.

## પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદમાં કર્યો આક્ષેપ


# નવસારી લોકસભાની ચોર્યાસી વિધાનસભામાં ૩૦ હજાર મતદારો નકલી ?

**કુલ ૬.૦૯ લાખ મતદારમાં ૪૦ ટકા એટલે કે ૨.૪૦ લાખ મતદારની ચકાસણીમાં ૩૦ હજાર મતદારો શંકાસ્પદ**

**જો ચોર્યાસી બેઠકની પેટર્ન રાજયમાં લાગુ થઈ હોય તો રાજયમાં આશરે ૬૨.૩૧ લાખ મતદારો શંકાસ્પદ**

**નવસારીમાં ભાજપ નેતાની જીત પાછળ વોટ ચોરી તો નથીને તેવો વેધક પ્રશ્ન કર્યો**

**ગુજરાતનાં નાગરિકોને લોકશાહી બચાવવાનાં આંદોલનમાં જોડાવવા આહ્‌વાન કરાયુ**




અમદાવાદ, તા. ૩૦

સમગ્ર દેશમાં લોકતંત્ર માટે ચિંતાજનક 'વોટ ચોરી' અંગે જનનાયક અને લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધી દ્વારા બેંગલુરૂ સેન્ટ્રલ લોકસભાના વોટ ચોરી અંગે કરવામાં આવેલ તથ્યાત્મક વિગતોની સીલસીલાબદ્ધ હકીકતો બાદ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાતમાં વોટ ચોરી અંગે મોટો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે દેશના બંધારણે આપેલા મતદાનના અધિકાર એ લોકશાહીનો પાયો છે. લોકશાહી અત્યારે જોખમમાં હોય તેવું લાગી રહ્યું છે. લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વોટચોરીને ખુલ્લી પાડી છે. લોકશાહી ખતમ કરવા નીકળેલી ભાજપનો અસલી ચહેરો દેશ સમક્ષ ખુલ્લો પડી રહ્યો છે. લોકશાહીમાં એક વ્યકિત એક વોટનો અધિકાર આપેલ છે પરતું ગુજરાતમાં 'એક વ્યકિત અનેક વોટ' જોવા મળ્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા કરેલા નિરીક્ષણમાં ગુજરાતની મતદાર યાદીમાં અનેક ધાંધલી સામે આવી છે. નવસારી લોકસભાની ચોર્યાસી વિધાનસભામાં કુલ મતદાર ૬,૦૯,૫૯૨ છે. જે પૈકી ૪૦ટકા એટલે કે ૨.૪૦ લાખ મતદારોની ચકાસણી કરવામાં આવી તેમાં ૩૦ હજાર મતદારો નકલી, ખોટા, શંકાસ્પદ જોવા મળ્યા છે જે ૧૨.૩ ટકા જેટલા થાય છે. આ વોટ ચોરી દેશના કેબિનેટ મંત્રીની જવાબદારી સંભાળતા નેતાના વિસ્તારમાં થઈ રહી છે. સી.આર. પાટીલ આ બાબત જાણતા ન હોય એવું બની ન શકે. નવસારીના ભાજપ નેતાની જીત પાછળ વોટચોરી તો નથી ને? આખા ગુજરાતમાં શંકા છે અમે માત્ર એક જ સીટ પર ચકાસણી કરી છે. સાચા કરતા ખોટા મતદારો વધી નથી ગયા ને ? તેની ચિંતા ગુજરાતીઓમાં છે. રાજયમાં પાંચ રીતે મતદાર યાદીમાં છેડછાડ થાય છે (૧) સંપૂર્ણ ખોટો મતદાર, (૨) સ્પેલિંગમાં છેડછાડ, (૩) એક વ્યકિતના ત્રણ-ચાર આઈડી, (૪) સરનામામાં ફેરફાર, (૫) મતદાર યાદીમાં ભાષાબદલીને છેડછાડ. 'અનેક જગ્યાઓ પર નકલી, ખોટા, શંકાસ્પદ મતદાર ખૂબ મોટા પ્રમાણમાં છે. શું ગુજરાતમાં એક વોટર એક વખત વોટ કરે છે કે એક કરતા વધુ વખત વોટ આપે છે? જો ચોર્યાસી વિધાનસભાની પેટર્ન સમગ્ર રાજયમાં લાગુ થઈ હોય તો રાજયમાં આશરે ૬૨ લાખ કરતા વધુ મતદાર નકલી, ખોટા, શંકાસ્પદ મતદાર નીકળી શકે છે.

ચોર્યાસી વિધાનસભામાં એક જ વ્યકિતની તમામ વિગતો એક સામન છતાં બે અલગ અલગ વોટર આઈડી જોવા મળ્યા. બીજી રીત સ્પેલિંગ-અક્ષરમાં ફેરબદલીમાં નામમાં નજીવો ફેરફાર જેમ કે ભાઈ, કુમાર કરી એક જ વ્યકિતના બે અલગ અલગ વોટર આઈડી જોવા મળ્યા. ત્રીજી રીત જેમાં એક વ્યકિતનાં ત્રણ-ચાર વોટર કાર્ડ જોવા મળ્યા. ચોથી રીત જેમાં ગુજરાતી અને અંગ્રેજી સિવાય અન્ય ભાષાઓમાં વોટર કાર્ડ જોવા મળ્યા. પાંચમી રીતે જેમાં સરનામામાં નજીવો ફેરફાર કરી નવો મતદાર બનાવામાં આવી રહ્યો છે. ઘરના સરનામામાં એક આઈડીમાં ઘર નંબર ૨૧૦ અને બીજામાં ૨૧૦-૨૧૨ એક દર્શાવી એક જ વ્યકિતના બે વોટર કાર્ડ બન્યા છે. આમ ગુજરાતમાં જુદીજુદી પાંચ રીતે વોટ ચોરી જોવા મળી છે. કર્ણાટકની એક વિધાનસભાની જેમ ગુજરાતની એક વિધાનસભાની વિગતો પુરાવા, આંકડા અને આધાર સાથે રજુ કર્યા છે. રાજયના જાગૃત નાગરિકો આ બાબતે જાણે અને સમજે એ જરૂરી છે. લોકશાહી બચાવવા, જનતાનાં સંવિધાનિક અધિકારોની રક્ષા માટેની લડાઈમાં ગુજરાતનાં નાગરીકો, જાગૃત નાગરીકોને જોડાવા આહ્વાન કરીએ છીએ. વોટ ચોરોને ખુલ્લા પાડવા તમામ લોકો સાથે આવે અને રાજયના નાગરિકોના મતોનું સંરક્ષણ થાય એ જરૂરી છે. અમે એક એક પરિવાર સુધી પહોંચી નકલી, ખોટા, શંકાસ્પદ મતદારોને શોધીશું.

સમગ્ર દેશમાં જનતા ભારતીય જનતા પાર્ટીથી ત્રસ્ત તો છે, સાથે સાથે જે રીતે દેશમાં ભ્રસ્ટાચાર થઈ રહ્યો છે, લૂંટ થઈ રહી છે, દરેક જગ્યા પર ચોરી થઈ રહી છે, પરંતુ વોટની ચોરી થતી હોય એવું ભારત દેશના ઈતિહાસમાં પહેલીવાર થઈ રહ્યું છે, કોંગ્રેસ પક્ષ ચુપ નહિ રહે આગામી દિવસોમાં રાજયની તમામ ૧૮૨ વિધાનસભા શ્રેત્રોની મતદાર યાદી ચકાસવામાં આવશે અને વર્ષ ૨૦૨૭ સુધીમાં તમામ યાદી ચકાસણી કરી વોટ ચોરોને ખુલ્લા પાડી ગુજરાતના મતદારોના અધિકારનું રક્ષણ કરીશું. કોંગ્રેસ પક્ષ લોકશાહી બચાવવા કટિબદ્ધ છે.


આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય



અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી


| કામના કલાક | વેતન/કલાક |
|---|---|
| સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫ બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫ | વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે. ALL FEBRICATION SOLUTIONS |


આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

સહકારી દૂધ મંડળીના ગ્રાહક મિત્રો માટે ખૂશ ખબર...
Hero






ડોક્યુમેન્ટ : સહકારી મંડળીના લેટરપેડ પર લખાણ. દૂધ ભરવાની પાવતી છેલ્લા 7 દિવસની.
Navnit Hero ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂઝાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA






જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪






પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.






મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે. લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨




સન્ડે સ્વીટ્સ
અમરેલી એક્સપ્રેસ
amreli express
તા.૩૧-૦૮-૨૦૨૫

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ.. ૨૪૯- ૧૯૬૪**

**૧)દિવાના હુવા બાદલ .સાવન કી ઘટા છાઈ .યે દેખ કે દિલ ઝૂમાં લી**
**૨) ઈશારો ઈશારો મે દિલ લેને વાલે બતા યે હુનર સિખા કહા સે ...**
**૩) સુભાન અલ્લાહ હાય..હસી ચહેરા હાય .. યે મસ્તાના અદાએ .ખુદા**
**૪) યે ચાંદ સા રોસન ચહેરા ઝૂલફો કો રંગ સૂનહેરા યે ઝીલ સી નીલી**
**૫) કિસી ના કિસી સે કભી ના કભી .કહી ના કહી ..દિલ લગાના પડેગા**
**૬)યે દુનિયા ઉસી કી ,ઝમાના ઉસી કા , મુહબ્બત મે જો હો ગયા હો**
**પ્રિય વાચક મિત્રો ,**

૧૯૬૪ના ફિલ્મી સફરમાં હવે માત્ર ત્રણ ફિલ્મો બાકી છે, રાજેન્દ્ર કુમાર અને શમ્મી કપૂર ૧૯૬૪ના સુપર સ્ટાર રહ્યા. પણ શમ્મી તેના અભિનય અને નૃત્યના અલગ અંદાઝથી સફળ રહ્યા, શમ્મી પરણિત હતા, અને તેમની વય ૧૯૬૪ માં ૩૩ વર્ષ ની હતી, અને આજની ફિલ્મમાં નવોદિત અભિનેત્રી જેની આ પ્રથમ ફિલ્મ છે, તે શર્મિલા ટાગોર ની વય ૨૦ વર્ષ ની છે, છતા દર્શકોએ આ જોડીને આવકારી છે. શર્મિલા ખાસ કરી તે સમયે શશિકપૂરના ચાહક હતા, શશિની સુંદરતા તેમને પસંદ




હતી, કાશ્મીર કી કલીના શૂટિંગ દરમ્યાન એક દિવસ શશિ ત્યાં આવી ગયા, અને શર્મિલા તેમને મળી પ્રભાવિત થઈ હતી. કાશ્મીર કીકલી એ શક્તિ સામંત અને શમ્મીની સાથે આવેલ ત્રીજી સફળ ફિલ્મ હતી, ફિલ્મનું શૂટિંગ કાશ્મીરમાં થયું હતું, ફિલ્મના શૂટિંગ દરમ્યાન ત્યાં તોફાન અને વરસાદી હવામાન થઈ જતાં, આખી ટિમ ને ૨૫ દિવસ રોકાઈ જવું પડયું હતું, અને ૨૫ દિવસ બાદ શક્તિ સામંતે માત્ર ૨૦ દિવસમાં ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કર્યુ હતું. ફિલ્મનું સંગીત શંકર જયકિશનને તૈયાર કરવાનું હતું, પણ એક દિવસ આ પી સાહેબ અને શમ્મીની મુલાકાત એમને એમ જ થઈ ગઈ, અને આ પી સાહેબે તેમની નવી બનેલ ૧૧ ધૂન શમ્મીને સંભળાવી, શમ્મી તે સંગીતથી એટલા પ્રભાવિત થયા અને ત્યારબાદ આ પી સાહેબ અને શમ્મી, શક્તિ સાથે બેઠક કરી, અને અંતે ફિલ્મમાં શંકર જયકિશનના બદલે આ પી નૈયર સાહેબનું સંગીત નક્કી થયું. તેમ છતા ફિલ્મના ગીત, તારીફ કરૂં કયાં ઉસ કી જિસને તુમ્હે બનાયા ના ગીતના રેકોર્ડિંગ સમયે આ પી સાહેબ અને શમ્મી વચ્ચે અનબન થઈ ગઈ, કારણએ હતું કે શમ્મી ગીતના અંતને તારીફ કરૂં કયાં.. ઉસ કી.. થી વધુ સમય લંબાવવા માંગતા હતા, પણ આ પી સાહેબ ને તે અનુકૂળ આવતું ના હતું, અંતે રફી સાહબે આ પી સાહેબને કહ્યું, કે એક વાર કરી જોઈએ, જો સારૂં લાગશે તો રાખીશું, અને તે ગીત ના છેક અંત સુધી તારીફ કરૂં. કયાં ઉસકી... આવતું રહે છે, શમ્મી બોટમાં નાચતા રહે છે, શમ્મી દરેક ફિલ્મો ના સંગીત બાબત પોતે વ્યકિતગત ધ્યાન આપતા હતા, કારણ કે મોટા ભાઈ રાજ કપૂરે તેમને કહ્યું હતું, કે હિન્દી સિનેમામાં સંગીત અને ગીતનું મહત્વ એક સારી કથા અને અભિનય કરતાં પણ વધુ છે. અને તે વાત મુજબ આ ફિલ્મના ગીત અને સંગીત તે સમયે તો લોકપ્રિય રહ્યા, પણ આજે પણ યાદગાર, કર્ણ પ્રિય ગીતોની યાદીમાં આવે છે. આવી સંગીત મય ફિલ્મની વાત કરીયે.

શક્તિ સામંતના નિર્દેશન અને નિર્માણ માં, રંજન બોજ અને રમેશ પંતની કહાની, ધર્મવીરની સિનેમા ઓટો ગ્રાફી, એસ.એચ. બિહારીની કલમનો જાદુ અને આ પી નૈયર સાહેબના મધુર અને યાદગાર સંગીતમાં રફી સાહેબ અને આશાજીના સ્વરના યાદગાર ગીતો અને શમ્મી કપૂર, શર્મિલા ટાગોર, નાસિર હુસેન, અનુપ કુમાર, સમર ચક્રવર્તી, ટૂન ટૂન, સુંદર, મૃદુલા રાની, બીર સલુજા, ધુમાલ, પદ્મા ચવાણ, મદન પૂરી અને પ્રાણથી અભિનીત રહી, ફિલ્મનું બજેટ ૫૫ લાખ અને નફો ૧.૨૦ કરોડનો થયો અને વર્ષની છઠા નંબરની સુપર હિટ ફિલ્મ રહી. ફિલ્મ ની કથામાં જોઈએ તો સંગીત મય કથા સાથે પ્રણય અને ફાઈટ કોમેડીનો સમાવેશ કરી એક સંપૂર્ણ મનોરંજક ફિલ્મ બનાવવામાં આવી છે.

શમ્મી એક અમીર ખાનદાનનો એક માત્ર પુત્ર છે, તે તેના માતાથી નારાઝ થઈ તેની હવેલી કાશ્મીર છે, ત્યાં જતો રહે છે,... રસ્તામાં કાશ્મીરના સૌંદર્યથી આકર્ષાઈ જાય છે,... કિસીના કિસી સે કભી ના કભી કહી ના કહી દિલ લગાના પડેગા.. ના વિચારોમાં તે કાશ્મીરની માસૂમ એક ફૂલ વેચાતી યુવતી શર્મિલાના સંપર્કમાં આવે છે, અને તેના એક તરફી પ્રેમમાં પાગલ થઈ જાય છે, યે ચાંદ સા રોસન ચહેરા, ઝૂલફો કા રંગ સૂનહેરા, યે ઝીલ સી નીલી આંખે, કોઈ રાઝ હૈ ઈન મે ગહેરા, તારીફ કૂ કયાં ઉસકી જિસને તુમ્હે બનાયા. માં એક તમામ યુવાનના દિલની વાત બિહારી સાહેબે અહી રજૂ કરી છે, એક યુવતીનું સુંદર વર્ણન આનાથી વિશેષ શું હોય ?. પણ શર્મિલા તેના અંધ પિતા નાસિરના કેહવાં મુજબ શમ્મીથી દૂર રેહવા પ્રયત્ન કરે છે, શમ્મી તેને તે અમીર નથી પણ એક ગરીબ યુવાન છે, તેવી બાહેધરી આપે છે. પ્રાણ કાશ્મીરના તે પ્રાંતનો અમીર અને ગુનાહિત વૃતિ ધરાવતો યુવાન છે, જે શર્મિલા સાથે લગ્નના સપના જોઈ રહ્યો છે, પણ શર્મિલા તેને પસંદ કરતી નથી. શમ્મી સાથેની




મુલાકાતથી શર્મિલા અને શમ્મી પ્રણય બંધને બંધાય છે. ઈશારોઈશારો મે દિલ લેને વાલે બતા યે હુનર સિખા કહા સે.. નિગાહો નિગાહો મે જાદુ ચલાનાં મેરી જાન સિખા હૈ તુમને જહાં સે... એક યુવા જોડીનો પ્રેમનો સ્વીકાર કરતું આ ગીત આજેપણ યાદગાર છે.

પ્રાણને શમ્મી અને શર્મિલા બાબત શંકા થાય છે, અને શર્મિલાને એકલી છોડતો નથી, તો સ્ત્રીના વેશમાં શમ્મી તેને મળવા પહોચી જાય છે, શુભાન અલ્લાહ હાય. હસીન ચહેરા હાય.. યે મસ્તાના અદાએ. ખુદા મહફુઝ રખે હર બલા સે... માં પ્રેમની લાગણીઓ વ્યક્ત થઈ રહી છે, તો પ્રાણથી બચવા બન્ને પ્રેમીઓ વેશ બદલી વનજારા બની જાય છે. હાય રે તેરા હાથ મે મેરા હાથ મેરી જાન બલ્લે.... કહી પ્રાણથી બચે છે. પ્રાણ અને નાસિરના બન્ને ના સંબંધોના વિરોધ છતા, બન્ને પ્રેમીઓ એકબીજા વગર રહી શકતા નથી. દિવાના હુવા બાદલ, સાવન કી ઘટા છાઇ., યે દેખ કે દિલ ઝૂમાં, લી પ્યારને અંગડાઇ.. એસી તો મેરી તકદીર ના થી, તુમસા જો કોઈ મહબૂબ મિલે, દિલ આજ ખુશી સે પાગલ હૈ, એ જાને વફા તુમ ખૂબ મિલે.... ના પ્રણય વાયદાઓ નિભાવી રહ્યા છે, અને ફિલ્મમાં એક વળાંક આવે છે, નાસિર ના કેહવા મુજબ શર્મિલા તેની પુત્રી નથી, પણ એક અમીર બાપની પુત્રી છે, એવામાં શમ્મીની માતા તેને અચાનક ઘર બોલાવે છે, અને શમ્મીને ખબર પડે છે કે તે નાસિરનો પુત્ર છે, જેને નાસીરે રુપિયાની લાલચ માં બચપણ માં એક નિસંતાન દંપતીને વેચી દીધેલ હતો, તે દંપતીને ત્યાં પુત્રીનો જન્મ થતાં, નાસિર તેનું અપહરણ કરે છે, પણ તે અંધ થઈ જતાં, તે બાળકીને મારતો નથી, તે બાળકી શર્મિલા છે, હવે પ્રાણ બાજી તેના હાથમાં લઈ લે છે, અને અત્યાર સુધી હિન્દી સિનેમામાં ના જોયેલ હોય તેવી જીવ સટોસટની બાજી લગાવતી ફાઈટ આવે છે, અંતે પ્રાણ પોલીસ હવાલે અને શમ્મી અને શર્મિલા એક થાય છે. આ ફિલ્મ માં ટાઈટલ માં એન્ડ પ્રાણ આવે છે, અને તે પછીથી લગભગ પ્રાણના અભિનયની ફિલ્મોમાં એન્ડ પ્રાણ લખેલું આવશે, મતલબ પ્રાણ ફિલ્મ માં છે, એટલે ફિલ્મ સફળતા મેળ વશેજ દર્શકો હવે માત્રને માત્ર મનોરંજન મેળવવા થિયેટરમાં જાય છે, તેની સાબિતી આ ફિલ્મની સફળતા છે,

શમ્મી કપૂરની અને સાધનાની સુપર હિટ ફિલ્મ રાજ કુમાર પણ આ વર્ષે આવી, શમ્મી અને પ્રાણ આ ફિલ્મમાં પણ સાથે જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન કે શંકરનું છે, અને નિર્માણ નિર્માણજી એન વેળુ માલી, સંવાદ સુદર્શન, કહાની મનમોહન દેસાઇ, સ્ક્રીન પ્લે રામાનંદ સાગર, શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીના ગીત અને શંકર જયકિશનના મધુર સંગીત સાથે, આ ફિલ્મમાં શમ્મી કપૂર, સાધના, પૃથ્વી રાજ કપૂર, ઓમ પ્રકાશ, રાજેન્દ્ર નાથ, અચલા સચદેવ, ટૂન ટૂન, મનોરમાં, શિવરાજ, અને પ્રાણનો અભિનય છે. આ ફિલ્મનું બજેટ, ૫૫ લાખ અને નફો ૧.૩૦ કરોડનો થયો અને ફિલ્મ વર્ષની પાંચવા નંબર ની સુપર હિટ ફિલ્મ સાબિત થઈ.

આ ફિલ્મ એક રાજવી પરિવાર અને રાજકીય કાવા દાવા સાથે જોડાયેલી રહી, આ ફિલ્મના ગીતો લોકપ્રિય રહ્યા. ફિલ્મની કહાની અને બીજી વાતો અને આ વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ વિષે થોડી વાત આગામી અંક માં કરીશું.

# * શ્રાદ્ધપક્ષ અને ખીર એક ઉતમ સ્વાસ્થ્ય રીવાજ *

મિત્રો અત્યાર સુધી આપણે આપણા સ્વાસ્થ્ય પ્રત્યે એટલા સજાગ ન હોતા જેટલા છેલ્લા ૪ વર્ષમાં થયા છીએ. કોરોનાએ આપણને સ્વસ્થ રહેવાની ફરજીયાત આદત પાડી દીધી છે અને પરિણામે આપણે આહાર – વિહાર બાબતે વિશેષ કાળ જી લેતા થયા છીએ. આયુર્વેદમાં સ્વસ્થ રહેવા માટે હજારો વર્ષોથી દિનચર્યા અને ઋતુચર્યાનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. હાલનાં મહામારીનાં સમયમાં રોગ પ્રતિકારક શક્તિ આપણી સારી હોય તો આપણે કોરોના જેવા રોગથી બચી શકીએ તે આપણે હવે સારી રીતે જાણીએ છીએ, અને પરિણામે રાતો રાત આપણી રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા નુસ્ખા અપનાવવા માંડયા છીએ.

આપણે કોઈ સફળ વ્યક્તિને જોઈએ ત્યારે તે વાત કાયમ યાદ રાખવી જોઈએ કે આ સફળતા પ્રાપ્ત કરવા તેમણે દિવસ – રાત કેટલીય મહેનત કરી હશે ત્યારે તેને સફળતા વરી હશે. તેવું જ સ્વસ્થ વ્યકિ માટે કહી શકાય. જે વ્યક્તિ સ્વસ્થ હશે જેની રોગ પ્રતિકારક શક્તિ ખુબ સારી હશે તેણે દિવસ – રાત એક કર્યા હશે. એનો અર્થ એ થયો કે સ્વસ્થતા એક આદત છે જે રાતોરાત મેળવી શકાતી નથી, આજ નાં સમયમાં એક શબ્દ ખુબ પ્રચલિત છે વયફહવિું હશરય તુહિંય આનો શુદ્ધ અર્થ છેકે એવી આદતો પાડવી કે જેનાથી આપણે બીમાર ન પડીએ. અને આ માટે આયુર્વેદમાં કહેલ દિનચર્યા (સવાર થી રાત્રે સુઈએ ત્યાં સુધીની તમામ બાબતો)નું પાલન કરીએ. આવનારો યુગ વાયરસનો રહેનારો છે કોરોના જાશે, તો વાયરસ નવા સ્વરૂપે આવશે અને આપણને બીમાર પાડશે અને આવનારા યુગમાં આપણે સ્વસ્થ જીવન જીવવું હશે તો આપણી રોગ પ્રતિકારક શક્તિ વધાર્યા વગર નહિ ચાલે ટૂંકમાં, કુદરત જો દર થોડા સમયે એકાદ નવા વાઈરસ વડે માનવજાતનું ડેથ વોરંટ બજાવતી હોય, તો તે વોરંટ સામેના 'જામીન પણ કુદરતે જ મનુષ્યના શરીરમાં રોગપ્રતિકારક તંત્રના નામે આપી રાખ્યા છે. બસ જરૂર છે આપણે સ્વસ્થ આદતો પાડવાની અને આ માટે આયુર્વેદે કહેલ દિનચર્યા અને ઋતુચર્યાનાં નિયમોનું પાલન કરવાની.

ઋતુનાં બદલાવ સાથે આપણા રીતિ – રિવાજોને આપણા પૂર્વજો એ રીતે ગોઠવેલ હતા કે જેથી એ ઋતુ મુજબ વર્તન કરવાથી આપણું સ્વાસ્થ્ય જળવાઈ રહે પરંતુ કહેવાતા વિકાસશીલ પાશ્વાત્ય દેશો ની વાતોમાં આવી આપણે આ બધા રિવાજોને અંધશ્રદ્ધામાં ખપાવી દીધા. કોરોનાએ આપણને એ વાતનું ભાન કરાવી દીધું કે આપણા જે રિવાજો છે તેની પાછળ મુખ્યત્વે સામાજિક સ્વાસ્થ્ય અને સમાજ વ્યવસ્થા નો હેતુ છુપાયેલો હોય છે. સૌથી વધુ વૈજ્ઞાનિક એવા આપણા દેશને ઓળખીએ, આપણા દેશમાં પ્રચલિત રીતિ – રિવાજો પાછળનું વિજ્ઞાન સમજીએ અને ઋષિમુનીઓએ સુચવેલ દિનચર્યા – ઋતુચર્યાનું પાલન કરીએ અને સ્વસ્થ રહીએ અને ભારતને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવીએ.

શરદ ઋતુનો પ્રારંભ થઈ ગયો છે, આમ તો શરદ ઋતુ એ તહેવારની ઋતુ છે પરંતુ આ ઋતુમાં



**ડો. ભાવેશ કે. મહેતા**
મો.૯૪૨૨૨ ૮૭૯૦૮ / ૮૭૯૯૦૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

પિતનો પ્રકોપ થતો હોવાથી સ્વાસ્થય બાબતે વિશેષ સાવધાની જરૂરી છે. ભાદરવો અને આસો આ બે મહીના શરદ ઋતુ ના છે. વર્ષા ઋતુમાં શરીર વરસાદ અને ટાઢથી ટેવાઈ ગયુ હોય છે, જયારે આ ઋતુમાં ઠંડી શરૂ થઈ હોતી નથી પરંતુ ઠંડો પવન રાત્રે અને વહેલી સવારે વહેતો હોય છે અને ગરમી હજુ ઉનાળા જેવી જ હોય છે, તેથી શરદ ઋતુમા સુર્યના તાપથી શરીર એકદમ તપવા લાગે છે અને વર્ષાકાળ મા શરીરમાં એકઠું થયેલુ માણસોનું પીત આ ઋતુમાં કોપે છે, અને આ બેવડી ઋતુ બીમારીનું કારણ બને છે.

શરદ ઋતુમાં પીતનો પ્રકોપ થવાથી આપણું લોહી પણ પહેલાની સરખામણીમાં ગંદુ થઈ જાય છે, અગ્નિ મંદ થાય છે આથી આ ઋતુમાં તાવ, ભુખ ન લાગવી, પાચન ન થવું, તથા ચામડીના રોગો થવાની વધુ સંભાવના હોય છે. આ ઉપરાંત ખાડા – ખાબોચીયામાં એકઠુ થયેલા પાણીને લીધે મચ્છર જન્ય રોગચાળો જેવા કેમેલેરીયા, ડેગ્યુ, ચીકનગુનીયા થવાની વિશેષ સંભાવના રહે છે.

શરદ ઋતુએ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલ પિતની શાંતી માટે જ આપણે શરદ પુનમની શીતળ ચાંદની માં દુધ – પૌવા ખાઈએ છીએ, આ દુધ – પેવા અને ખીર જેવા પરમ પિત શામક આહાર દ્રવ્યો છેક શ્રાધ્ધ પક્ષથી લઈ ને દેવ – દીવાળી સુધી ખાવા જોઈએ. દુધ, ભાત અને સાકર આ ત્રણેમાંથી જ દુધ – પેવા અને ખીર બને છે આમ આ પિત પ્રકોપક શરદ ઋતુમાં દુધ – પેવા અને ખીર ખાવી એ એક ઉતમ સ્વાસ્થ રીવાજ છે.

છેલ્લા પંદરેક દિવસથી તાવ, માથું દુ : ખવું, ચક્કર આવવા, માઈગ્રેન, અરૂચિ, ભુખ ન લાગવી તથા એલર્જી (શીળસ) નાં આવા લક્ષણ વાળ ા (પિતનાં પ્રકોપવાળા) દર્દીઓનું પ્રમાણ ખૂબ વધ્યું છે. આ શરદ ઋતુ પિત પ્રકોપની ઋતુ છે આ પ્રકુપીત થયેલા પિતના નિહરણ માટે વિરેચન કર્મએ ઉતમ શોધન કીયા છે એટલે આ ઋતુમાં દર અઠવાડીયે એકાદ વખત સ્વાદીષ્ટ વિરેચન ચુર્ણ જેવા ઔષધોથી હળવો જુલાબ લેવો જોઈએ જેથી પ્રકુપીત થયેલા




પિતનું નિષ્કાસન થાય, ખાટુ – આથાવાળી વસ્તુ ખાવાની બંધ કરવી જોઈએ, શકય હોય તો ભાદરવો પુરો થાય ત્યાં સુધી સાંજે જમવામાં રોજ ખીર જ ખાવી જોઈએ. આમ પિતની શાંતી થવાથી પૈતીક વ્યાધીઓની ઉત્પતી થશે નહી અને શરદ ઋતુમાં જો પિતનું શમન થશે તો આખુ વર્ષ તંદુરસ્તી જળવાઈ રહેશે અને એટલે જ આપણી સંસ્કુતિમાં શતમ જીવ શરદના આશીર્વાદ આપવામાં આવે છે.

પૈતિક વ્યાધિઓને આપણે પિતૃ શબ્દ સાથે જોડી દીધી છે આપણા વિચક્ષણ પૂર્વજો જાણતા હતા કે શરદ ઋતુમાં જો પિતનો પ્રકોપ શાંત કરવામાં નહિ આવે તો આખું વર્ષ પીતજન્ય રોગો થશે એટલે સામાન્ય માણસ અનુસરે એટલે તેમણે પિતૃ શાંતિ માટે ખીર ખાવાની અને કાગવાસ નાખવાની એવી વ્યવસ્થા ગોઠવી, આ સમયે કાગડાનાં બચ્ચાઓનો જન્મ થયો હોય છે. આ બચ્ચાઓને સહેલાઈ ખાઈ શકાય તેવા ખોરાકની જરૂર પડે છે જો દૂધ અને ભાત મીક્ષ કરવામાં આવે તો ભાત પોચા થવાથી બચ્ચા સહેલાઈથી ખાઈ શકે અને તેને પોષણ મળી રહે એટલે આપણે કાગડાના બચ્ચા માટે કાગવાસ નાખીએ છીએ.

શ્રાવણ અને ભાદરવા માસ દરમ્યાન દૂધાળા પશુઓને વિયાવાનો સમય સહુથી વધુ હોય છે એટલે પશુઓ પુષ્કળ દૂધ આપતા હોય અને પશુપાલકોને પોતાનું દૂધનું માર્કેટ મળી રહે અને તેનું દૂધ વેચાય જાય એટલે શ્રાધ્ધ પક્ષમાં દૂધની વાનગીઓનું સહુથી વધુ ચલણ પીપળો એ ૨૪ કલાક આકસીજન આપનાર વૃક્ષ અને વડલો એ ઘાટો છાયો આપનાર અને જમીન ધોવાણ અટકાવનાર વૃક્ષ આ બંને વૃક્ષનો વંશ પૃથ્વી ઉપર જળવાઈ રહે એ માટે કાગડાને પૌષ્ટીક આહાર આપવો જરૂરી કારણ કે આ બંને વૃક્ષોના છોડ વાવવાથીએ ઊગતા નથી પણ વડલા અને પીપળાના ફળ કાગડો ખાય અને એના બિયા કાગડાના શરીરમાંથી પસાર થાય અને એ બીયા કાગડાની ચરકમાથી નીકળે અને જમીન ઉપર પડે તો જ પીપળો અને વડલો ઊગે અન્યથા ઊગે નહી એટલે કાગડાને પૌષ્ટીક આહાર ખીર અને રોટલી આપવી એવી ઋષીમુનીઓ ની આજ્ઞા..

ચોમાસાની ભીની ઋતુઓમાં પશુ પક્ષીઓને કયાક ખોરાક સહજતાથી મળતો ન હોય એટલે કાગડો – ગાય – કૂતરૂં – માછલીઓ શ્રાધ્ધની વસ્તુ એને ખવરાવીને મૂંગા જાનવરોને મદદ કરી ખેચર – ભૂચર અને જળચર પ્રાણીઓએને મદદ કરવાની ભાવના

અષાઢ માસથી સતત ચાલતું ચોમાસુ એટલે માણસો કયાક બહાર ન નીકળી શકયા હોય એકબીજાને ઘરે જાય અને હળીમળ ી શકે અને સામાજીક સબંધો વધુ સુદ્રઢ થાય એવી ભાવના સાથે શ્રાધ્ધ પક્ષની ગોઠવણી આ બધા કારણો તો ખરા જ પણ જયાં સુધી માણસોને ભય અને લોભ ન બતાવીએ ત્યાં સુધી એ કયારેય કોઈ કાર્ય ન કરે એટલે પુરાણ આધારીત ભાદરવા માસ દરમ્યાન પિતૃલોકના પિતૃઓ પૃથ્વીની સહુથી વધારે નજીક હોય એટલે પોતાના પૂર્વજોને યાદ કરી એમનું ઋણ અદા કરી એના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પિતૃ સ્મરણ કરવા માટે એમને યાદ કરી પિંડદાન –પિતૃતર્પણ અને શ્રાધ્ધ વિધી કરવીએવી ઋષીમુનીઓની આજ્ઞા.

**મર્મ બિંદુ :–** આપણા તમામ રિવાજો (સનાતન ધર્મના) પાછળ સામાજિક આરોગ્ય, સામાજિક વ્યવસ્થા અને પ્રકૃતિનું સંતુલન જાળ વવાનો હેતુ છુપાયેલો હોય છે આવા રીતિ – રિવાજો ને વૈજ્ઞાનિક રીતે જોઈએ, તેને સમજીએ અને તે મુજબ વર્તન કરી સ્વસ્થ જીવન જીવીએ..

# *ધરો આઠમ*

ભાદરવા સુદ આઠમ એજ ધરો આઠમ કહેવાય છે આ દિવસે ધરોનું પૂજન કરવામાં આવે છે વ્રત કરનારે આ દિવસે ઉપવાસ કરવો ભૂખ્યા ન રહેવાય તો ટાઢું ખાવું આ દિવસે ઘાસ કાપવો નહીં ચોખાના લોટના લાડુ તેમજ ફણગાવેલા ફૂટેલા કઠોળના વડા બનાવીને ખાઈ શકાય આવડત ભાવિક સ્ત્રીઓ પોતાના સંતાનોની લાંબી આયુષ્ય અને સુરક્ષા માટે આ વ્રત કરે છે એક નાનકડા ગામમા સાસુ વહુ સામપીને રહે વહુ કામ કરે તેમાં સાસુ ખોદ કાઢે નહીં અને તેને દીકરીની જેમ રાખે એવા માં ભાદરવો માસ બેઠોને ધરો આઠમનો દિવસ આવતા સાસુએ વહુને ખેતરમાંથી ઘાસ વાઢી લાવવા કહ્યું પરંતુ વહુ દર વર્ષે દરરો આઠમનો રથ કરતી હતી તેથી તેણે ઘાસ વાઢી લાવવાનીના પાડી પરંતુ કોઈ દિવસ નહીં અને આજે સાસુએ વટ પકડી એટલે તે શું કરે વહુને જવાની ઈચ્છા ન હતી છતાં ઘોડિયામાં નાનો છોકરો રડતો હતો તેથી તેને સુવડાવીને તે સાસુ સાથે નીકળી પડી ખેતરમાં જઈ સાસુએ તો દરેક પ્રકારનું ઘાસ વાઢવા માંડયું અને તેનો ઢ ગલો એક જ જગ્યાએ કરવા લાગી પરંતુ વહુ ઘાસ વાઢતી વખતે ધ્યાન રાખતી હતી કે ભૂલમાં ધરો વધાઈ જાય નહીં કેટલી વારે ઘાસના ભારા બાંધે સાસુ વહુ થાક ખાવા બેઠા એવામાં તેમના એક પડોશીએ આવીને તેમના ઘરમાં આગ લાગ્યાને ખબર કહી અનેવહુને વપરાટ થયો કે હાય હાય ઘરમાં તો છોકરાને ઘોડિયામાં સૂતો મૂકીને આવે છે હવે શું થશે એવામાં તેને ધરોમાં યાદ આવ્યા કારણ કે તે દર વર્ષે શ્રદ્ધાપૂર્વક તારો આઠમનો વ્રત કરતી હતી તેણે ત્યાં જ બેસી ધર્મ અને પ્રાર્થના કરી કે હેધરોમાં હું તો દર વર્ષે તમારો વ્રત કરૂં છું તે હે દયાળુમાં તમે તમારા દીકરાને ઉગાડજો સાસુ વહુ બને ગભરાટ ભરી હાલતમાં ઘરે પહોંચ્યા તો ત્યાં સુધીમાં આગ પડોશીઓએ ઠારી નાખી હતી વહુએ ઘરમાં જય જોયું તો ઘોડિયામાં ખંડમાં બધું બળી ગયું હતું પણ ઘોડિયાને આજ પણ આવી ન હતી કારણ કે ઘોડિયા ઉપર લીલી ધરો લપેટાઈ ગઈ હતી અને છોકરો આનંદથી ઊંઘતો હતો સાસુને અજાયબી થઈ કે આ તે કેવો ચમત્કાર ઘરમાં બધું બળી ગયુંને ઘોડિયાને કઈના થયું તે માટે વહુએ ખુલાસો કર્યો કે માં હું દર વર્ષે ધરો આઠમનું વ્રત કરૂં છું ને ધરો વાઢતી નથી તેથી આજે ધરોમાએ પ્રસન્ન થઈને દીકરાને ઉગારી લીધો છે આ જોઈ ગામની બધી સ્ત્રીઓ પણ સંતાનની રક્ષા માટે દર ભાદરવા માસમાં ધરો આઠમનું વ્રત શ્રદ્ધાપૂર્વક કરવા લાગી હે ધરોમાં જે તમારૂં વ્રત કરેને કથા સાંભળે તેના પર પ્રસન્ન થઈ તેના બાળકનું જયાં હોય ત્યાં રક્ષણ કરજો અને સર્વને સુખ શાંતિ આપજો જય ધરોમાં જય ધરો આઠમજય માતાજી.

**દિપ્તિબેન પી. રાવલ**
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા-જિ.રાજકોટ

# રામ ચરિત અચિ અમિત મુનીશા, કહિ ન સકહિ રાતકોટિ અહીસા ।

કઠિન વિષે તેની સમક્ષ આવે છે તે રીતે હવે ભગવાનના નિત્ય નવા રંગ જેવાના રહ્યા. મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામજીની આદર્શ ધર્મયુગની લીલા જાણે દિન-પ્રતિદિન શ્રી કૃષ્ણ પરમાત્માની યુગ ધર્મ લીલાને વળાંક લઈ રહી હતી. આગળ જતા વારંવાર તેનું દર્શન જણાશે.

મને ભગવાને આ બંને લીલાના સમન્વયની ઝાંખી કરાવી છે. તેમને હસ્તાક્ષરમાં આગળ ''મારા ભગવાન'' પ્રકરણમાં સ્વહસ્તે લિખિત પત્ર તેનું પ્રમાણ છે.

ખાસ તે મનની ખિન્નતાનું મુખ્ય કારણ હતું ભગવાનને વિરહ..

દરશ બિન દુ:ખન લાગે નૈન.

ખિન્નતાથી લખેલા પત્રને જવાબ આવ્યો.

૧૧-૬-૬૨

શ્રીરામચંદ્રાય નમઃ

પ્રિય રમ સાદર આશીર્વાદ,

તુમારા મન ખિન્ન રહતા હૈ સૌ કયોં ?

યદિ ઉચિત સમજે તો સ્પષ્ટ લિખના.

દેખો તુમને મુજસે ભજનમેં જીવન નિકાલને કો કહા થા તો ભજનકે બાધક ખિન્નતાકો છોડો.

થોડે આવેશ યા દુખકે કારણ કભી વ્યર્થ કે વિચાર મનમેં ન આને દેના.





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરુદેવ)


સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૨૭ ૫૯૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

ભજન એક હું સ્થાન પર રહકર જે હેતા હૈ વહ બાહર કભી નહીં હેતા ઈસકા ખૂબ વિચાર કરના મનકો સંયત રખકર ખૂબ શાન્ત સહનશીલ બનને એરે મિલને પર કહુંગા.

રણછેડદાસકા આસીસ

આ પત્રનો જવાબ આપતા થેડે વિલંબ થવાથી ભગવાનનો બીજો પત્ર આવ્યો.

રામ સો અવધ નૃપતિ સુત સોઈ, કિ અજ અગુણ અભખગતિ કોઈ।

શ્રી રામચંદ્રાય નમ :

પ્રિય રમા સાદર આસીસ,

મેરા પત્ર મિલા હોગા

રમા તુમકો પત્રો કે આદાન પ્રદાનો સે હો સકતા હૈ કિ મુઝે ગલત સમજને મેં મદદ કી હો.

રમો મેં તુમકે કિસી દુસરે રૂપમેં દેખનેક સ્વપ્ન દેખતા હું મેરે વિચાર ફલિત હૈ ના કઠિન અવશ્ય હૈ પર અસાધ્ય નહીં રમા તુમે ખુબ સોચો મૈં તુમારે જીવન વ્યર્થ વિષમેં ડાલના નહીં ચાહતા. ઈસી કારણ મેં જે કરતા હું વહ ઠીક સમજતા હું. રમા અભી તુમ બાલક હૈ મૈને તુમ્હે ખુબ પત્ર દ્વારા વ પ્રત્યક્ષમેં ભી વિષય કે પરિણામ સમજાયે હૈ ઈસ પત્રકા આશ્રય કુછ ઔર ન સમજના મેં તુમસે બરાબર સ્નેહ કરતા હું તુમારા હી હું તુમ બહ ભી મત સમજ કિ તુમમેં પાત્રતા નહીં યા કોઈ વસ્તુ કા અભાવ હૈ યહ બિલકુલ કલ્પના માત્ર હૈ તુમ સર્વાંગ સુન્દર હૈ, ભાવિક હો ઔર.

મૈં જયપુર આનેકા વિચાર તો કરતા હૂં.

રણછોડદાસકા આસીસ

આબુથી થોડા સમયમાં ભગવાનને આફ્રિકા જવાનું થયું. આટલા લાંબા સમયથી ભગવાનના દર્શન નહોતા. એમાં હવે તે વિદેશ પધારતા હોવાથી દર્શન માટેની વ્યાકુળતા વધી ગઈ પરંતુ આફ્રિકા જતાં પહેલાં દર્શન અશકય જ હતા. હવે તો માત્ર પ્રતિક્ષા જ કરવાની હતી. સ્વદેશ પાછા ફર્યા પછી પણ કયારે દર્શન મળશે તેની ખબર નહોતી. ભારતમાં ભગવાન બિરાજતા હોય અને દર્શન ન થાય તે પણ મન ભરેલું રહેતું. હવે તે પત્ર દ્વારા મિલન પણ સંભવિત જણાતું નહોતું. ભગવાને તે કહેલું, ''જબ ભી તુમારી ઈચ્છા હોવે મેરે પાસ ચલી આના.'' ભારતમાં ભગવાન હોય અને ન બેલાવે તો પણ પહોંચી જતી પરંતુ હવે તે ઘણું જ દૂર નગરી હતી.

ઉર અભિલાષ નિરંતર હોઈ, દેખિય નયન પરમ પ્રભુ સોઈ.

# ''સુખનું સરોવર તમારી પાસે''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય


ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

જેઠ સુદ પુનમ - વટ સાવિત્રીનુ પૂજન કરતી બહેનેને તમે જોયા હશે. મહાભારતમાં સત્યવાન સાવિત્રીની કથા આવે છે. સાત અધ્યાય અને ૩૦૦ શ્લોકમાં આ કથા વેદવ્યાસે લખી છે અધ્યાય-૨૯૩થી શરૂ થાય છે. વનપર્વમાં ઘણી સુંદર કથાઓ છે. માર્કેન્ડય શ્રુષિએ પણ આ કથા લખી છે સત્યવાન તેમના મળેલા આયુષ્ય મુજબ લગ્નના એક વરસ પછી મૃત્યુ પામે છે. યમરાજ લઈ જાય છે. કથા ત્યાંથી શત્રુ થાય છે. આપણા ધર્મગ્રંથોમાં મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કર્યાના બે ઘટનાઓ લખી છે જે ચિરકાળ માનવજાતને ચિરકાળ માનવજાતને પ્રેરણાનો સંદેશ આપે છે. યમ અને નચિકેતાની વાત આપણે અગાઉ કરી છે. અહીં સાવિત્રીનો પ્રેમ મૃત્યુના દેમ યમરાજની સાથે સંવાદ કરે છે વિાસ, સચ્ચાઈ, શ્રધ્ધા, પ્રેમને કારણે યમરાજ સત્યવાનના જીવને પાછો મોકલી મૃત સત્યવાનને જીવતો કરે છે.

અશ્વપતિ રાજા સંતાન માટે તપસ્યા કરે છે ત્યારે સાવિત્રી દેવી પ્રસન્ન થઈને માલવીની કુખે જન્મ લઈશ તેમ કહે છે. સાવિત્રી જન્મે છે મોટી થાય છે. વેદવ્યાસે કેટલીક બાબતો સંક્ષેપમાં લખી છે. પરંતુ મહાર્ષી અરવિદે આ કથા વસ્તુને લઈ ૨૩૮૦૦ પંકિત લગભગ ૨૪૦૦૦ ચોવીસ હજાર પંકિતમાં અગ્રેજીમાં મહાકાવ્ય લખે છે. અને વિષય વસ્તુ સત્યવાન સાવિત્રીને કેન્દ્રમાં રાખે છે અંગ્રેજીમાં ઘણા મહાકાવ્યો છે પરંતુ આપણા ભારતના યોગી અરવિંદે આ પ્રેમકથાને વિ સમક્ષ અંગેજીમાં મૂકી અચંબિત કરી દીધા છે. સંક્ષેપમાં આર ધિમંતસેન રાજા હોવા છતાં દૈવયોગે અંધ બની જંગલમાં રહે છે. પત્ની શૈલ્યા, જંગલમાં સાથે રહે છે. સત્યવાન તેમનો મુત્ર છે.

સાવિત્રી પતિ પસંદ કરવા નીકળે છે અને સત્યવાનને જુએ છે મળે છે એકબીજાને પસંદ કરે છે. નારદજી પ્રગટ થઈ સાવિત્રીને ના પાડે છે સત્યવાનનું મૃત્યુ એક વરસ પછી થવાનું છે છતાં .? દેવી ભાગવતમાં પણ આ કથા છે. સાવિત્રી પોતાના નિર્ણયમા અડગ રહે છે. તેથી પિતા અશ્વપતિ હિમેંત સેન પાસે જાય છે ખૂબ સમજાવ્યા પછી અશ્પતિની દીકરી પુણવધૂ થાય તે સ્વીકારે છે. એક વર્ષ પુરૂ થવાનાં દિવસે સાવિત્રી સત્યવાન સાથે જંગલમાં જાય છે. સત્યવાનને શિરો વેદના થાય છે અને મૃત્યુ પામે છે. મૃત્યુદેવતા યમદેવતા જીવ લેવા આવે છે. સાવિત્રી યમદેવને પૂછે છે તમે સ્વયં કેમ આવ્યા. યમદેવતા કહે કે સત્યવાન ધર્મનિષ્ઠ છે તેથી હું આવ્યો છું. સાવિત્રી કશી પણ આનાકાની વગર યમ પાછળ જાય છે. યમદેવતા સાવિત્રીને કરે છે કે પાછળ આવ નહિ. તુ તારૂ કામ કર ઉત્તકાર્ય વગેરે સાવિત્રી યમદેવતા વચ્ચે જે સંવાદ થાય છે તેમાં સાવિત્રીનો પતિ માટેનાં અનુપ્રેમ જોઈ પ્રસન્ન થાય છે. પાંચ વરદાન માગવાનું કહે છે સાવિત્રી પોતાના સસરાને દેખતા કરવાનું રાજય પાછું મળવાનું કુટુંબ પ્રેમ અને છેલ્લે સુધી પ્રેમની પ્રતીતિ કરાવે છે ત્યારે યમરાજા 'શતપુત્રો ભવતિ' વરદાન આપે છે ત્યારે સાવિત્રી કહે છે કે તમે સત્યવાનને લઈ જાવ છો તો પછી અને યમદેવતા આશિર્વાદ આપી સત્યવાનને જીવતો કરી દે છે સત્યવાન જેમ ઉંઘમાંથી જાગે તેમ જાગીને પૂછે છે. રડવા લાગે છે. સાવિત્રી કારણ પૂછે છે. માતા-પિતાનો વિરહ દુમંતસેનને ઈષ્ટ પાછી આવી ગઈ. સત્યવાન સાવિત્રી ઘરે આવે છે આનંદ મંગળ થાય છે. આ કથા અહીં પૂરી થાય છે.

મહર્ષિ અરવિંદે આ કથાને પ્રેમ-મૃત્યુને ચેલેન્જ કરી પ્રેમનો સત્કાર થાય છે તે અત્યંત રમણીય ભાષામાં કહી છે. સત્યવાનનું લગ્ન પછીનું એક વરસનું આયુષ્ય હતું. પરંતુ સાવિત્રીની સત્યનિષ્ઠા પ્રેમ એક સુંદર અંત આપે છે ખરેખર જયા સત્ય, પ્રેમ કરૂણા છે ત્યાં કાળને પણ હારી જવું છે.

આપણી સંસ્કૃતિમા, ઈતિહાસમાં પ્રેમ-શૌર્ય અને સમર્પણની ભવ્ય કથાઓ છે. દુશ્મનો સામે લડાઈમાં સૈનિકો હારી જાય ત્યારે તેમની પત્નીઓ સામૂહિક રીતે અગ્નિને સ્વાધીન દુશ્મનોના હાથમાં જતા દેહત્યાગ કરવાના બનાવો છે પ્રેમ એ ધર્મ, જાતિ, દેશ વગેરે તથ્યોથી પરે છે. પરદેશની એક સત્ય કથા. ૧૯૪૩માં બઈલનની ઘટના છે 'રોઝ સ્ટ્રીટ' વિરોધ નામે 'રોઝ સેન સ્ટ્રેન' ફિલ્મ બનાવી છે હિટલરે કેટલાક યહુદી પુરૂષોને રોઝ સ્ટ્રીટના એક મકાનમાં કેદ કરવામાં આવેલા આ બધાને યાતના કેમ્પમાં મોકલવાના હતા પરંતુ આ યહુદીઓની જે જર્મન પત્નીઓ હતી તે બધી એકઠી થઈ. હજારોની સંખ્યામાં, એક અવાજે માંગણી કરી ''અમારા પતિઓને મુકત કરો'' ૧૮૦૦ જેટલા બર્લિનના યહુદિઓને મુકત ન કરાયા. સ્ત્રીઓ ઉપર ગોળીઓ ચલાવવાની ધમકી આપી હતી અને કેટલીક સ્ત્રીઓ ધમકીથી ડર્યા વગર ખસી નહિ. સ્ત્રીઓ કહેતી અમે અમારા પતિ માટે ગમે તે કરવા તૈયાર છીએ આ એક ખૂબ અદ્ભૂત વાત હતી. આજે પણ ત્યાં સ્ત્રીઓના પૂતળા આ વાતની સાક્ષી પૂરે છે પેલી માર્ચે બ્રિટીશ આર્મી દ્વારા બોમ્બમારો થયો ત્યારે સ્ત્રીઓ ખસી નહિ. ગભરાયને વિખરાય જતી તો પાછી ભેગી થઈ જતી તેમના પતિ કેદ હતા. તેઓ બોમ્બ મારામાં ભાગી શકે તેમ ન હતા. સૈન્યની ટુકડીએ સ્ત્રીઓ ઉપર ગોળી ચલાવવાનું નક્કી કરેલું. હિટલરે તો માણસ ગોબલ્સે તેમને રોકયા કટ્ટી માર્ચે ગોબલ્યે પોતાની સત્તાની રૂખે યહુદી પુરૂષોને છેડી મૂકવા હુકમ કર્યો ગોબલ્સે હિટલરને વચન આપ્યું હતું કે યહુદીઓને યાતના છાવણીમાં મોકલી મારી નાખવા જર્મન સ્ત્રીઓએ પોતાના પતિઓને બચાવ્યા ઈતિહાસકારો કહે છે કે આવી શરૂઆત વિરોધની થઈ હોત ઘણા યહુદીઓના જાન બચાવી શકાત આ ઘટનાને આજે ૮૨ વરસ થયા છે. સ્ત્રીને પ્રેમ શકિતને પ્રણામ. સ્ત્રીઓ ધારે તો શું ન કરી શકે. સાવિત્રીઓએ મૃત્યુ પામેલા પતિને પીછો લાવ્યા. આ સ્ત્રીઓએ મૃત્યુદંડમાંથી મુકત કર્યા. (અપૂણ)

# 'સમજણ એ જ નારાયણ'

## ''કલરવોના ઘર સમું કલબલતું આંગણ સાંભરે સાવ લીલુછમ હજી આજેય બચપણ સાંભરે.''

- સુરેન ઠાકર 'મેહુલ'


યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી

વતન, બાળપણ અને આંગણુ દરેકનાં જીવજ સાથે જોડાયેલા, વણાયેલા, ગૂંથાયેલા, કોતરાયેલા અભિન્ન પડાવો છે. જે પ્રત્યેક માણસને આજીવન સભર-સભર રાખે છે ! તેની જાહોજલાલીને જીવનભર હદયનાં કબાટમાં સાચવી રાખે છે, પોતાનાં સમગ્ર આયખાને મહેકતુ રાખવા સમર્થ એવા આ ત્રણેય પડાવો સૌની પોતાની અંગત મહામૂલી મૂડી બનીને મહેકતાં મહેકાવતાં રહે છે. જીવન ઘડતરનાં આ અમૂલ્ય પાયાઓથી જ સમગ્ર આયુષ્ય અનેક રસ અને સુગંધથી શોભતું ખીલતુ ફૂલતુ-ફાલતુ રહે છે !

બાળપણ સૌને ગમે છે, સમાજમાં પૈસો તો હવે છૂટથી ફરથો થયો છે. અગાઉ કોઈ પાસે પૈસો હતો જ કયા ? અને આશ્ચર્યની વાત તો એ છે કે તેની જરૂર પણ ન પડતી ! ગજવામાં કાંઈ ન હોય, છતાં અખૂટ આનંદ માણી શકતો ! ખાલી ખીસ્સે અને ભૂખ્યા પેટે પણ ભરપેટ મોજ થઈ શકતી ! સાધારણ પરિસ્થિતિમાં ઉછરેલો બાળક પણ જે મોજ-મજા, ઉમળકો, ઉત્સાહ અને અંતરનો આનંદ માણી શકતો તે મજા આજે તવંગર માણસોનાં સંતાનોને સઘળી સાહયબીઓ હોવા છતાં નસીબ નથી થતી એ વર્તમાન સમયની સૌથી મોટી કમનસીબી જ ગણાય !

વતનને કોણ ભૂલી શકે ? એ ગાર-માટીનાં મકાનો, છાણાના લીપળથી તેની સુંગધથી મધમધતાં ઘર ઓછામાં ઓછી વસ્તુઓમાં માણસ લખલૂટ આનંદ કરતો. રાજી રાજી રહેતો હૈયા ભર્યા ભર્યા રહેતાં, મગજનો બહુ ઓછો ઉપયોગ થતો, ભાવનાઓની જ ભરમાર રહેતી ! અને ઘણી સગવડો, અને અનુકૂળતાઓ હોવા છતાં એક નર્યો અંજપો ઉછરયા જ કરે છે. તેનું કારણ માણસ પ્રકૃતિથી, સહજતાથી, સરળતાથી દૂર ખસી રહ્યો છે, આંગણુ તો જીવનની પાઠશાળા બની રહેતું. અનેક સારા માઠાં પ્રસંગોનું વ્યવહારોનું જીવતં તાલીમ કેન્દ્ર સમુ આંગણું જ આપણે ગુમાવી બેઠાં ! ફલેટની અંદર કેદ થઈ રહેલી માનવ જાતનાં સ્વભાવમાં પણ બંધીયાર પણ જ ઘરી કરી રહ્યુ છે. ત્યારે અનેક સમાધાનો શોધવાં જ રહ્યા !

: તીખારો :

''ઘસાયેલુ જ ઘડાયેલુ હોય છે !''

# ***સ્મિતનું સ્થાયી સરનામું - શ્યામ***

**'રાધાના હૈયે રમતું નામ, સ્નેહનું સરનામું શ્યામ'**

આ કૃષ્ણ વિશે વાત કરવી હોય તો શબ્દોની ખોટ સર્જાય એમ બને ! એ વાત પરિપૂર્ણ ન હોય એમ પણ બને. કેમકે પરિપૂર્ણતાનું પ્રતિક એટલે જ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ છે. આ કૃષ્ણનો કિરદાર સમજવો ખૂબ મુશ્કેલ છે છતાં, તે ખૂબ સહજને સરળ છે. ટૂંકમાં, કૃષ્ણ એટલે ઉત્સવ, આનંદ અને જીવંતતાનું ઉત્તમ ઉદાહરણ. જયાં જયાં કૃષ્ણ છે ત્યાં ત્યાં આનંદ છે, ઉત્સવ છે અને જીવનની સરસતા છે. *સ્મિતનું સ્થાયી સરનામું છે શ્યામ* કૃષ્ણ એવું પાત્ર છે જે લગભગ દરેક વયના, દરેક ભાવના, દરેક કલ્પનાના રંગે તમે કલ્પી શકો અને તમને તમારા ભાવ મુજબ એ મળે. આ કૃષ્ણને તમે કયારેય ગંભીર મુખમુદ્રા સાથે ન કલ્પી શકો. કૃષ્ણને કલ્પો એટલે મુખ પર સ્મિત જ મળે. વિષમથી વિષમ પરિસ્થિતિમાં પણ સમતા ને સ્મિત સાચવી રાખે તે કૃષ્ણ.

ખરેખર કૃષ્ણ એ આનંદનો આરંભ છે. જો કે સદાય સ્મિત ધરી વાંસળી વગાડનારા કૃષ્ણને કોઈ વ્યથા, વિષાદ કે સંકટ નહોતા એવું જરાય નથી. કારણ કે જરા એક નજર જો આ વાંસળીવાળાની આખી સફર પર કરીએ તો સમજાય કે એનો વિષાદ કેવો હશે ! જરા વિચાર તો કરો, જન્મ થાય જેલમાં, જન્મતાવેત જ પોતાના જન્મદાતા માવતરથી દૂર થવું પડે, ગોકુળમાં ઊછરી રહેલા કૃષ્ણને નિર્દોષ બાળપણ માણવાની ઉંમરે ષડયંત્ર અને કપટથી ભરેલા કેટકેટલાય અસુરોનો સામનો કરવો પડે, સગી માસી પૂતનાને સગા મામા કંસનો વધ કરવો પડે, બાળપણથી જે ગોપ - ગોવાળ, અને ગોપીઓ સાથે મોટા થયા, જે નંદબાવાને યશોદાના લાડકોડ જોયાએ બધાથી દૂર જવું પડે. શું આ અને આવી તો અનેક પરિસ્થિતિમાંએ વાંસળીવાળાને ઓછો વિષાદ થયો હશે ? તેમ છતાં તેણે જગતને તો સ્મિત જ આપ્યું. દરેક પરિસ્થિતિમાં તેમણે સમતા, સ્મિતને સમજણથી કામ લીધું છે.

આમ, આ કૃષ્ણના જીવનમાં પણ વિષાદ, વેદના અને વ્યથા તો હતા જ પણ, કૃષ્ણ કયારેય ઉદાસ નથી થયા. કૃષ્ણના જીવનમાંથી ઘણું શીખવા મળે છે. શક્તિ સાથે સમજણનો સમન્વય કરે તે કૃષ્ણ. વાંસળીની સૂરીલી


અનુભૂતિના અક્ષરો
- નિધિ મહેતા "ખુશી" અમદાવાદ

સમજણને સુદર્શનનું સામર્થ્ય એટલે કૃષ્ણ. ટૂંકમાં, નિશસ્ત્ર હોયએ શાંતિનો માર્ગ અપનાવે ત્યારે તે યુક્તિ ગણાય સ્વબચાવ માટેની પરંતુ, શસ્ત્ર હોવા છતાં શાંતિ માર્ગે સમાધાનનો પ્રયાસ કરે તે શ્રેષ્ઠ દર્શન છે. તાકાત હોવા છતાં સંયમમાં રહેવું તે સિધ્ધિ છે. વળી, શક્તિ હોવીએ જુદી વાત છે પણ, એ શક્તિનો ઉપયોગ કયારે, કેમ ને કેટલો કરવો ? એની સમજણ હોવી એ ખરી વિશેષતા છે. એ આપણને કૃષ્ણ શીખવે છે. ભગવાન કૃષ્ણે કયારેય વાંસળીની જગ્યાએ સુદર્શન નથી ઉઠાવ્યું અને સુદર્શનની જરૂર પડી ત્યારે વાંસળી નથી વગાડી. કૃષ્ણ એટલે પરિવર્તનનો સ્વીકાર, અવસરને આવકારને સમયની માંગ મુજબનો વ્યવહાર. કૃષ્ણ વાંસળીવાદક પણ છે અને સુદર્શનધારક પણ છે. આ કૃષ્ણએ પોતાના વ્યથા કે વિષાદ માટે સુદર્શન ભલે ન ઉઠાવ્યું હોય પણ ધર્મની રક્ષા માટે સુદર્શનનું સામર્થ્ય તે ભૂલ્યા નથી. શ્રીકૃષ્ણનું શરણ એ સુખનું સાચું સરનામું છે. કૃષ્ણમાં સમર્પણભાવ એ દરેક સમસ્યાના સમાધાનનો સંપૂર્ણ વિશ્વાસ છે.

'જેના મનમાં બિરાજે હરિ છે,તેની ઉપાધિ હરિએ હરી છે. નરસૈયાના નાદે આવે એ દોડી,

એણે ભક્તની રક્ષા સદા કરી છે.'

આ કૃષ્ણ એટલે જીવનનો ઉત્સવ, સ્નેહનો અવસર, સુખનો સાગર અને સ્મિતનું સાચું સરનામું. કૃષ્ણ એટલે પ્રેરણાનું પાન,ગીતાનું ગાન અને શ્વાસનું સંધાન. આમ ભક્તિનું ભાવભર્યું નામ એટલે કૃષ્ણ. આનંદ સાથેનું અનુસંધાન કરાવે તે કૃષ્ણ. જવાબદારીઓનું ભાન અનેક પ્રમાણ એટલે કૃષ્ણ. આમ સર્વગુણ સંપન્ન કૃષ્ણ વિશે તો અનેક કથાઓ ઓછી પડે. એનું ગુણગાન કરવા દરેક ઉપમા ઓછી પડે. એવા કૃષ્ણનેપામવા હોય, એનું શરણ લેવું હોય તો નરસૈયાની જેમ ભક્તિ કરવી પડે, એનામાં સંપૂર્ણ સમર્પિત થઈ જીવનની નાવનું સુકાન એને સોંપી દેવું પડે અને એણે કહેલા એના ગીતાના વચનમાં વિશ્વાસ રાખી એની આંગળી ઝાલી લેવી પડે.

ટૂંકમાં ભક્તિનો અર્થ જ છે ભરોસો પછી તે ભક્તિનું સરનામું હરિ હોય કે હર. પણ જયાં ભક્તિ છે ત્યાં ભરોસો છે, જે અડગને અતૂટ આસ્થા જન્માવે એ જ આસ્તિકતા. બાકી બે - ચાર કપરી પરિસ્થિતિમાં જે શ્રદ્ધા કે ભરોસો વિચલિત થવા લાગે તે ભય છે ભક્તિ નહી. કારણ કે ખરી ભક્તિ ભય ભગાવીને ભરોસો જગાવે. કોઈપણ સંજોગોમાં તમારી શ્રદ્ધા અડીખમ ટકી રહે એ જ ભક્તિ પછી આ ભક્તિનું સરનામું કોઈ પણ હોય તેમાં ભાવ અને ભરોસો ભારોભાર હોવો જોઈએ. પણ સાથે જ આ ભક્તિમાં દ્રષ્ટિનું તેજ વધવું જોઈએ. તે કોઈ અંધભક્તિ ન હોય. કૃષ્ણ ખુલ્લી આંખે સૃષ્ટિ દર્શન કરતાં શીખવે છે. કૃષ્ણ એટલે જીવનમાં જીવંતતાનો ભાવ અને સ્મિત સાથે સેનો સ્વીકાર. એટલે કહી શકાય કે સ્મિતનું સ્થાયી સરનામું એટલે મારો શ્યામ. કૃષ્ણ, ગિરધર, ગોવિંદ, મુરલીધર જે પણ નામે ભજો સૌને એના ભાવ પ્રમાણે મળી જતો ને ભાવ સાથે ભળી જતો કિરદાર એટલે કૃષ્ણ.

*જય શ્રી કૃષ્ણ*

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે ''નેશનલ સ્પોર્ટ્સ ડે'' ઉજવવામાં આવ્યો




તારીખ ૨૯ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલ અમરેલી ખાતે હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા, DLSS સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એકસીલેન્સના સંયુકત ઉપક્રમે ''નેશનલ સ્પોર્ટ–ડે''ની ઉજવણી કરવામાં આવી. જેમાં ૨૦૦૦થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓએ પાર્ટિસિપેશન કરી રમતનો આનંદ માણ્યો હતો. ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપપ્રાગટય કરી નેશનલ સ્પોર્ટ્સ–ડેનો શુભારંભ કરવામાં આવ્યો. ભારતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ અપાવનાર મેજર ધ્યાનચંદજીના યોગદાનને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી અને ખેલાડીઓને પ્રેરણારૂપ સંદેશ આપવામાં આવ્યો. જેમાં વિવિધ રમતોમાં નાના–મોટા દરેક વિદ્યાર્થીઓએ રમતોમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન પ્રિન્સિપાલઓ અને સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સાથે આમંત્રિત મહેમાનો અતુલભાઈ કાનાણી, મુકુંદભાઈ મહેતા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, દીપકભાઈ વઘાસિયા, પુનમબેન ફુમકિયા, ચતુરભાઈ ગોંડલીયા, હોકી અમરેલીમાંથી આઈ.પી. બારડ, જીતુભાઈ ડેર, બળદેવસિંહ ગોહિલ, ભીખુભાઈ દૂધરેજીયા, ભરતભાઈ ડેર તેમજ DLSS સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. રમત પ્રત્યેની લગન અને દેશપ્રેમ આપણને સદાય પ્રેરણા આપે છે.

## ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજુઆત સફળ

# અરે વાહ : લાઠીનાં આંબરડી ખાતે તળાવની મરામત માટે રૂપિયા ૭૬.૨૫ લાખ મંજૂર

### ધારાસભ્યએ રાજય સરકારનો આભાર માન્યો



અમરેલી, તા. ૩૦

લાઠી તાલુકાના આંબરડી ગામમાં આવેલા તળાવના સમારકામ માટે રાજય સરકારે ૭૬.૨૩ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છે.

આંબરડી ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ ન થવાને કારણે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી–બાબરાના ધારાસભ્યએ સરકારમાં અનેકવાર રજૂઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૭૬.૨૩ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ, પાળાનું સમારકામ, ઊંડું ઉતારવું અને ગેટ–રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ધારાસભ્ય તળાવીયાએ આ મંજૂરી બદલ રાજય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યકત કર્યો છે.

## પાના ૮ ઉપરનું ચાલું મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

૨ જેની કિંમત રૂપિયા ૧,૬૦,૦૦૦ના ફોન તેમની બાજુમાં રહેતા પોતાના કુટુંબીસગાના ઘરે સાચવવા માટે આપેલ હતા. તે વખતે તેના કુટુંબીસગા પણ ઘર બંધ કરી કામ અર્થે બહાર ગયેલ હતા. અને તેદરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ રહેણાંક મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી બંને મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયેલ હતા. આ બનાવ અંગે અંગે સદરૂદિનભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

આ બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ રાજુલા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તેદરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે આરોપી ચતુર પોપટભાઈ ગુજરીયા (રહે.ચાંચ) ને શંકાસ્પદ મોબાઈલ ફોન નંગ ૨ સાથે પકડી પાડી, મોબાઈલ અંગે પુછપરછ કરતા આ બન્ને મોબાઈલ ફોન આરોપીની પત્નીને મળી આવેલ હોવાનું જણાવેલ હતું.

પરંતુ ટેકનીકલ રીતે ખરાઈ કરતા આ આરોપી પાસેથી મળી આવેલ મોબાઈલ ફોન રાજુલામાં થયેલ ઘરફોડ ચોરી થયેલ હોવાનું જણાય આવતા આરોપી પાસેથી બન્ને મોબાઈલ ફોન રીકવર કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સિગ્નલ–૩ ઉતારી લેવામાં આવ્યું

પરિપત્રથી બોટ એસોસિયેશન તથા બોટ માલિકોને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ વડી કચેરી ગાંધીનગરના આધાર પત્ર ૩ વાળા પત્રથી જણાવેલ છે કે અગમચેતીના પગલાં કડક પણે અનુસરવા ને આધિન માછીમારી બોટોને તા. ૨૯/૮/૨૦૨૫ થી તાત્કાલિક અસરથી માછીમારી માટે જવા દેવા ટોકન ઈસ્યુ કરવા જણાવેલ હોય પરંતુ વડી કચેરી દ્વારા સુચના આપવામાં આવેલ છે કે માછીમારી માટે ૧૨ એનએમ સુધી જ મધદરિયે ફિશિંગ કરવાનું રહેશે તથા તમામ બોટ ને જુથમાં માછીમારી કરવી તેમજ કચેરી દ્વારા માછીમારોને ને પરત બોલાવ્યેથી તાત્કાલિક પરત આવવું તેમજ બોટમાં લગાડવામાં આવેલ ટ્રાન્સપોન્ડર સાલુ સ્થિતિમાં રાખવું તેમજ મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા થતા વખતો વખત એ કોઈ સુચનાઓ આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આથી આ કચેરીના કાર્યક્ષેત્ર આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો પરના તમામ બોટ એસોસિયેશન પ્રમુખઓ તથા સમાજના આગેવાનો સહકારી મંડળીઓના પ્રમુખઓ તથા તમામ માછીમારો બોટ / હોડીના માલિકો ઉક્ત સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરી ફિશરીઝ ગાર્ડ પાસે લાઈફ સેવિગ ઈકિવપ્મેન્ટ તેમજ ટોકન વેરીફાઈ કરાવી માછીમારી અર્થે જવા આથી જણાવવામાં આવેલ છે તેમજ ઉપરોક્ત તમામ સુચનાઓનુ પાલન કરવામા નહીં આવેતો બોટનું ટોકન રદ કરવામાં આવશે. તેમજ બોટ માલિકોની ડીઝલ સબસિડી રોકવામાં આવશે. જેની તમામ આ કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ બંદરોના બોટ માલિકોએ ગંભીર નોંધ લેવા જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમક દ્વારા પરિપત્રમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમર ડેરીનાં ચેરમેનપદે

ચેરમેન તરીકે મુકેશભાઈ સંઘાણીને બિનહરીફ જાહેર કર્યા હતા.

ચેરમેનપદે બિનહરીફ થયેલ અશ્વિન સાવલિયા અને વાઈસ ચેરમેન મુકેશ સંઘાણીને ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, પૂર્વ કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલા, પૂર્વ સાંસદ કાછડીયા, ભાજપ અગ્રણી હિરેન હિરપરા, લોહાણા સમાજનાં અગ્રણી ભાવેશ સોઢા, સંજય વણઝારા, પ્રિતેશ માનસેતા તેમજ વેપારી અગ્રણી અનિલ કાણકીયા, ભાજપ અગ્રણી ભૂપેન્દ્રભાઈ બસિયા, ભગીરથ ત્રિવેદી વિગેરેએ શુભકામના પાઠવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં તત્કાલીન પીઆઈ કટારા

ઝોનના જાહરેનામાનો ભંગ કરવા બદલ પો. કોન્સ. હર્ષદભાઈ જયંતિલાલ જાની તથા રાજકમલ ચોક પોઈન્ટના પો.કોન્સ. પ્રફુલકુમાર લાભશંકરભાઈ જાની તથા પો.કોન્સ. બિપીનભાઈ અમૃતલાલ ભટ્ટ એ તે મીની બસમાં બેસી તે બસને પોલીસ સ્ટેશન લેવા માટેનું પી.આઈ. કટારાની સુચના મુજબ આ કામના આરોપીને જણાવેલ અને મીની બસ સીટી પો.સ્ટે. બાજુ લીધેલી હતી પરંતુ આ કામના આરોપીએ મીની બસ સીટી બસ સ્ટેશને ઉભી નહીં રાખીને ૧૦૦ કિ.મી.ની ઝડપે ચલાવી અને એસ.ટી. બસ સ્ટેશન વાળા રોડ ઉપરથી રેલ્વે સ્ટેશનના ફાટક પાસેથી બ્રાહ્મણ સોસાયટીના રસ્તે આવેલ ખુલ્લા મેદાનમાં ઉભી રાખી અને સીટ નીચેથી જાડો સળીયો કાઢી નીચે ઉતરીને જીગા નામની બુમ પાડતા આ જીગ્નેશ હાથમાં ખુલી તલવાર લઈને મીની બસ પાસે પહોંચીને આ કામના ફરીયાદી પી.આઈ. કટારા તથા તેમના સાથેના પોલીસ કર્મચારીઓને ગાળો આપી ધાકધમકી આપી અને લોખંડના સળીયાથી મારી તથા ખુલી તલવારથી પોલીસ કર્મચારીઓ ઉપર તથા પો.ઈન્સ. કટારા ઉપર જીવલેણ હુમલો કરેલ હતો અને આરોપીના પિતા લખુભાઈ સોરઠીયા ત્યાં સ્થળ ઉપર પ્લાસ્ટીકનું કેરોસીન ભરેલુ કેન લઈને આવીને પોલીસ કર્મચારીઓને કેરોસીન છાંટી સળગાવી દેવાની ધમકી આપેલી અને આ બનાવમાં પોલીસ કોન્સ. બિપીનભાઈ અમૃતલાલ ભટ્ટ તથા હર્ષદભાઈ જયંતિલાલ જાની, પ્રફુલકુમાર લાભશંકરભાઈ જાની, મનસુખભાઈ બીજીયાભાઈ ગરોડને ગંભીર ઈજા પહોંચતા તેઓને સીવીલ હોસ્પીટલ અમરેલી ખાતે સારવાર અર્થે દાખલ કરેલ હતા.

ત્યારબાદ આ કામે ઉપરોકત બનાવની ફરીયાદ પી.આઈ. કે.વી. કટારાએ આ કામના આરોપી રાજેશ ઉર્ફે રાજુભાઈ લખુભાઈ સોરઠીયા, જીજ્ઞેશ ઉર્ફે જીગો લખુભાઈ સોરઠીયા તથા લખુભાઈ મુળુભાઈ સોરઠીયા વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમો મુજબનો ગુન્હો દાખલ કરેલ હતો અને ત્યારબાદ તપાસના અંતે આ કામના ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ હતું.

આ કામે ગંભીર ઈજા પામનાર ચારેય પોલીસ કર્મચારીઓએ તથા તેની સારવાર કરનાર ડોકટર તથા ફરીયાદી તથા સાહેદોની જુબાની ટ્રાયલ દરમિયાન
થયેલ હતી.

આ કામે આરોપી નં. ૩ લખુભાઈ મુળુભાઈ સોરઠીયા પણ પોલીસ કર્મચારીઓ હોય અને ઈજા પામનાર ચારેય વ્યકિત પોલીસ કર્મચારી હોય તેમજ જેમની ઉપર હુમલો થયો તેઓ જે તે સમયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા હોય જેથી આ કેસ જે તે સમયે પોલીસ બેડામાં ઘણો ચર્ચાસ્પદ બનેલ હતો.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા ચાર પોલીસ અધિકારીને ગંભીર ઈજા થયેલ હોવા છતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ કામે આરોપીઓ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તરફથી કરવામાં આવેલી રજુઆત તથા કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને એડી. ચીફ જયુડી. મેજી. એસ.આર. મુલતાની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

## ધારાસભ્ય કસવાલાએ અધિકારીઓ સાથે નિરીક્ષણ કર્યુ

# લીલીયા પંથકનાં બ્રિજ અને વરસાદી પાણી નિકાલ સહિતના પ્રશ્નોનું કરાશે નિરાકરણ

### આંબા ગામે થયેલ ચોરીનો ભેદ ખોલવા પણ સુચના આપી

લીલીયા, તા. ૩૦

લીલીયાથી પુંજાપાદર તેમજ અનેક ગામડાઓને જોડતો રસ્તો જે શ્યામવાડીથી લઈ અને પુંજાપાદર સુધીના રસ્તાને નવીનીકરણ કરવા બાબત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ કમરકસી અને પોતાની આવડતથી ઈરીગેશન વિભાગ અને પંચાયત વિભાગ હસ્તક પુલ હોય. જેને પંચાયત વિભાગ હસ્તક લઈને અધિકારીઓને સાથે રાખી અને સરકારમાંથી વહેલી તકે જોબ નંબર લાવી વર્ષો જૂના પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે ધારાસભ્ય અધિકારીઓ સાથે ગંભીર પ્રશ્નનું જાત નિરક્ષણ કરવામાં આવેલ. જેમાં કાર્યપાલક ઈજનેર સાથે રાખી વર્ષો જૂના



પ્રશ્નનું વહેલી તકે નિરાકરણ આવે તે માટે નિરીક્ષણ કરાયું સાથે સાથે લીલીયા શહેરમાંથી પસાર થતી નાવલીનું વરસાદી પાણી અંગે પણ સ્વનિરક્ષણ કરી અને સરદાર પટેલનાં સ્ટેચ્યુ એથી શ્યામવાડી સુધીનો મજબૂત રસ્તો બનાવી અને વરસાદી પાણીનું સરળતાથી નિકાલ થાય તે બાબતે પણ ધારાસભ્ય અને અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરાયું. ત્યારબાદ આંબા, પુંજાપાદર, ભેંસવડીને જોડતા માર્ગ પર બ્રિજ બનાવવા માટે પણ ધારાસભ્ય અને અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરી અને બંને તેટલું વહેલી તકે સરકારમાંથી કામો મંજૂર કરાવી તાત્કાલિક લોકોને પડતી હાલાકીનો અંત લાવવા માટે ધારાસભ્ય સ્વતપાસ કરી યોગ્ય સરકારમાંથી વહેલી તકે કરાવવા ખાતરી આપેલ તેમજ આંબા ગામે થયેલ લાખોની ચોરી બાબતે અંબા ગામ જઈ અને ચોરીનો ભોગ બનનાર પરિવારની મુલાકાત કરી. પોલીસ વિભાગને ટેલીફોનિક સૂચના આરોપીઓને તાત્કાલિક પકડવા અંગે ધારાસભ્ય દ્વારા આપવામાં આવેલ. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, ભરતભાઈ ઠુંમર, બાલાભાઈ રામાણી, બાબુભાઈ ધામત, આર.બી. ભાલાળા, બાલાભાઈ ભરવાડ, શાંતિભાઈ સવસવીયા, ગોવિંદભાઈ સાવલિયા, ભીખાભાઈ ધારૈયા સહિતના ગ્રામજનો વેપારીઓ ઉપસ્થિત રહેલ.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયાનાં આંબા ગામે

કબાટમાં રાખેલ બચત મંડળના રોકડ રકમ રૂા. ૧,૨૦,૦૦૦ તથા ફરીયાદીની દિકરીએ ફરીયાદીને રાખવા આપેલ રૂા. ૭૦,૦૦૦ તેમજ ઘર વપરાશના મુકેલ રૂા. ૬૦,૦૦૦ તથા દુધ.ઘી વેચાણના રૂા. ૫૦,૦૦૦ તથા ફરીયાદીના દિકરાના પત્નીનો સોનાનો હાર નંગ–૧ વજન ૬૧.૧૩૦ ગ્રામ કિંમત રૂા. ૧,૯૭,૦૦૦ તથા (૨) સોનાનુ મંગળસુત્ર નંગ–૧ વજન ૨૭.૧૯ ગ્રામ કિંમત રૂા. ૨,૧૬,૦૦૦ તેમજ સોનાની બે વીંટીઓ વજન ૧૨ ગ્રામ કિંમત રૂા. ૬૦,૦૦૦ તેમજ સોનાના વરખની પટ્ટીઓ ચડાવેલ પ્લાસ્ટીકના ચુડા નંગ–૨ વજન પાંચ ગ્રામ કિંમત રૂા. ૨૭,૫૦૦ મળી કુલ રૂા. ૮,૦૦,૫૦૦ તેમજ સાહેદના રૂમના કબાટની તીજોરીમાં રાખેલ ઘર વપરાશ તેમજ દુધ વેચાંણના રોકડ રકમ રૂા. ૫૦,૦૦૦ તેમજ સોનાના કાનમાં પહેરાવાના દાણા નંગ–૨ (વજન ખબર ન હોય) કિંમત રૂા. આશરે ૫૫૦૦ તથા (૨) ચાંદીનો જુના જેવો કંદોરો નંગ–૧ (વજન ખબર ન હોય) આશરે કિંમત રૂા. ૫૦૦૦ (૩) ચાંદીનો જુના જેવો જુડો નંગ–૧ જેનો (વજન ખબર ન હોય) આશરે કિંમત રૂા. ૫૦૦૦ (૪) ચાંદીના જુના જેવા છડા નંગ–૨ જેનો (વજન ખબર ન હોય) આશરે કિંમત રૂા. ૫૦૦૦ની મળી કિંમત રૂા. ૭૦,૫૦૦ મળી તમામ મુદામાલની કિંમત રૂા. ૮,૭૧,૦૦૦ની મતાની ચોરી થયા ની વિગત પ્રાપ્ત થયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ગણેશોત્સવમાં

ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ તેમજ અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ તમામ મહાનુભાવોએ ઓપરેશન સિંદુર થીમની પેટભરીને પ્રશંસા કરી અને ભારતીય સેનાના જવાનોના બલિદાનને યાદ કરીને ખરા હૃદયથી સલામી આપી ગણપતિ દાદાને ભાવથી વંદન કરેલ.

આ પ્રદર્શનનો મુખ્ય ઉદેશ્ય દેશની સુરક્ષા માટે પોતાનો જીવ ન્યૌછાવર કરનાર વીર જવાનોના બલિદાનને યાદ કરવાનો હતો. ગણેશ મહોત્સવના માધ્યમથી સદ્ભાવના ગૃપ એ શ્રદ્ધા અને રાષ્ટ્રભાવનાનું એક અનોખું ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૫૦ | ૧૦૦૨ |
| ૨ | શિંગ મોટી | ૬૦૦ | ૧૨૧૨ |
| ૩ | શિંગદાણા | ૯૭૫ | ૧૩૭૪ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૦ | ૨૧૪૧ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૪૦ | ૨૩૧૮ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૭૫ |
| ૯ | જુવાર | ૪૮૦ | ૬૧૭ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૮૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૩૪ | ૫૫૮ |
| ૧૨ | મગ | ૮૯૦ | ૧૪૮૦ |
| ૧૩ | અડદ | ૧૦૬૦ | ૧૩૯૪ |
| ૧૪ | ચણા | ૭૨૦ | ૧૧૫૦ |
| ૧૫ | તુવેર | ૮૪૦ | ૧૨૩૫ |
| ૧૬ | કપાસ | ૯૩૦ | ૧૬૨૦ |
| ૧૭ | એરંડા | ૧૨૦૬ | ૧૨૭૩ |
| ૧૮ | જીરૂ | ૩૧૦૦ | ૩૪૦૦ |
| ૧૯ | રાયડો | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૨૦ | રાય | ૧૩૪૫ | ૧૪૫૧ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૨ | મેથી | ૬૧૦ | ૯૦૦ |
| ૨૩ | સોયાબીન | ૫૦૦ | ૮૫૧ |
| ૨૪ | કાંગ | ૨૫૦ | ૪૦૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૦૧ |
| ૩ | તલ કાળા | ૩૮૦૦ | ૪૪૦૧ |
| ૪ | જીરૂ | ૩૨૦૦ | ૩૬૦૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૬૧૮ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૮૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૬૧૧ |
| ૯ | મગ | ૧૦૦૦ | – |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૦ | ૧૨૭૮ |
| ૧૩ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | સોયાબીન | – | ૮૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૨૫ |
| ૩ | સોયાબીન | ૮૧૨ | ૮૩૦ |
| ૪ | ચણા | ૯૩૫ | ૧૦૮૦ |
| ૫ | મગફળી | ૬૮૦ | ૬૮૦ |
| ૬ | તુવેર | ૮૨૫ | ૧૦૧૫ |
| ૭ | તલ સફેદ | ૧૦૪૦ | ૧૮૮૦ |
| ૮ | મગ | ૧૩૬૫ | ૧૩૬૫ |
| ૯ | ધાણા | ૧૦૪૦ | ૧૦૫૦ |
| ૧૦ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | એરંડી | ૮૦૫ | ૮૦૫ |
| ૧૨ | તલકાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૯ | ૧૧૦૦ |
| ૨ | મગફળી | ૬૭૧ | ૮૨૯ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૫ | તલ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૬ | ધાણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૭ | રાઈ | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ૮ | કાંગ | ૪૬૫ | ૪૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૮૫૦ |
| ૨ | તલ કાળા | ૩૫૦૨ | ૪૨૦૦ |
| ૩ | કપાસ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૬૦૮ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૫૮૭ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૮૪૧ |
| ૭ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| ૮ | તુવેર | ૬૦૧ | ૬૦૧ |
| ૯ | ચણા | ૬૫૦ | ૮૫૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૩ | ૭૯૩ |

# સાવરકુંડલા : ‘ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોજ’ ના સૂત્ર સાથે સાયકલ રેલી યોજાઈ



સાવરકુંડલા, ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણીના ભાગરૂપે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા એક ભવ્ય સાયકલ રેલીનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ‘ફિટનેસ કા ડોઝ... આધા ઘંટા રોજ...’ના સૂત્ર સાથે આયોજિત આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. આ સાયકલ રેલીની શરૂઆત સવારે ૭:૩૦ કલાકે મામલતદાર કચેરી, સાવરકુંડલાથી થઈ હતી. રેલી શહેરના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થઈને ફરી મામલતદાર કચેરી ખાતે પૂર્ણ થઈ. આ રેલીમાં સાવરકુંડલા વહીવટી તંત્રના તમામ અધિકારીઓ, શાળા–કોલેજોના વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ મોટી સંખ્યામાં હાજરીએ ‘ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ’ અને તંદુરસ્ત જીવનશૈલીના સંદેશને વધુ મજબૂત બનાવ્યો. રેલીના સમાપન બાદ સૌ ઉપસ્થિત લોકોએ સાથે મળીને રાષ્ટ્રગાન ગાયું અને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી. આ આયોજનથી સ્પષ્ટ થાય છે કે સાવરકુંડલા વહીવટી તંત્ર રમતગમત અને ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા નાગરિકોમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું મહત્વ વધે છે અને એક સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. આ ભવ્ય આયોજન માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્ર ખરા અર્થમાં અભિનંદનને પાત્ર છે.

### નાગનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં

## અમરેલીમાં સાર્વજનિક ગણેશોત્સવનું છેલ્લા ૧૨૫ વર્ષથી થાય છે આયોજન

### ગણેશોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે





અમરેલી, તા. ૩૦

ભારતમાં લોકમાન્ય બાળ ગંગાધર તિલકે ૧૮૯૩માં ગણેશ ચતુર્થીને સાર્વજનિક કાર્યક્રમમાં બદલીને આ પ્રસંગનો રાષ્ટ્રીય એકાત્મકતા અને જનભાગીદારી માટે ઉપયોગ કર્યો હતો. ભારત દેશ અંગ્રેજોની ગુલામીની જંજીરમાં બંધાયેલો હતો. એ વખતે ગણેશ ચતુર્થી ઉજવણીના મંચનો ઉપયોગ કરીને પ્રવચન, નાટકો દ્વારા અંગ્રેજો વિરૂધ્ધનો અવાજ બળવત્તર બનાવ્યો હતો. ૧૯મી સદીમાં ગણેશ ચતુર્થી એક દિવસનો જ તહેવાર હતો. લોકમાન્ય તિલકે તેને તમામ વર્ગના લોકોની સામેલ કરી સાથે જનઆંદોલનનું રૂપ આપ્યું હતું. તે સમયે વિશાળ પંડાલમાં ગણેશજીની વિશાળ પ્રતિમા સ્થપાય. લોકો તેમને વિઘ્નહર્તા કહે છે. બાળગંગાધર તિલકનો સંદેશ એ જ હતો. ભારતની જનતા જાગૃત થશે તો અંગ્રેજના જુલ્મી શાસનનું વિઘ્ન–અવરોધ હટીને જ રહેશે. આઝાદીની લડત ચાલુ હતી. એ સમયે અંગ્રેજો સભા–સરઘસની છૂટ ન આપતા એટલે ધાર્મિક આયોજનના ઓઠા હેઠળ સ્વાધીનતા માટેની જાગૃતિ ફેલાવવાનું માધ્યમ ગણેશ ઉત્સવ બન્યો હતો.

આવા સમયે અમરેલી શહેરની મધ્યમાં આવેલ અને સ્વયંભુ પ્રગટ નાગનાથ મહાદેવ મંદિર કે જે હાલ ૨૦૮ વર્ષ જુનું પ્રાચીન મંદિર છે. આ મંદિરની સ્થાપના કાઠિયાવાડ દીવાનજીએ કરેલ હતી. તે ભગવાન નાગનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં પ્રથમ વખત ગણેશોત્સવની સને ૧૯૦૦માં ઉજવણી કરવામાં આવી હતી. એટલે કે, આજથી ૧૨૬ વર્ષ પહેલાં મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા ગણેશોત્સવ કરવામાં આવેલ હતો. અને તે સમયે જુના ગણપતિ હોલમાં ગણેશોત્સવ ઉજવાતો હતો. આજે ભગવાન નાગનાથ મહાદેવના સાંનિધ્યમાં ઉજવણી થાય છે.

આજે પણ આ ગણેશોત્સવ નાગનાથ યુવક મંડળ દ્વારા ભવ્યથી ભવ્ય રીતે અવિરતપણે ઉજવણી કરવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં કોરાના કાળના સમયમાં પણ પણ આ ગણેશોત્સવની સાદગીસભર ઉજવણી કરવામાં આવી હતી. તથા આ ગણેશોત્સવના ૧૦૦ પુર્ણ થયા ત્યારે ભગવાન ગણેશની એકી સાથે ૧૦૦ અલગ અલગ સ્વરૂપની મુર્તિઓનું સ્થાપન કરી ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીના નાગનાથ યુવક મંડળ દ્વારા ઉજવતા આ ગણેશોત્સવ દરમિયાન ઉત્સવને અનુરૂપ ૫ વર્ષથી લઈ ૧૨ વર્ષ સુધીની વયના બાળકો તથા બાલિકાઓ માટે સુલેખન, ચિત્ર સ્પર્ધા, કોથળા દોડ, સાયકલ સ્પર્ધા, લિંબુ ચમચી સ્પર્ધા, મેમરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. અને તમામ સ્પર્ધામાં વિજેતા થતાં બાળકોને ઈનામ તથા પ્રોત્સાહન ઈનામ આપવામાં આવે છે.

છેલ્લા ૧૨૬ વર્ષથી ઉજવતા આ ગણેશોત્સવ દરમિયાન દરરોજ સવાર અને સાંજના સમયે અલગ અલગ સમાજો, સામાજિક સંસ્થાઓ, જ્ઞાતિ મંડળો, તમામ રાજકીય અગ્રણીઓ, પત્રકારો, પોલીસ પરિવાર સહિતના સેવાભાવી લોકોના હસ્તે દુંદાળાદેવની મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે.

ચાલુ સાલે તા. ૨૭ બુધવારથી ૧૨૬ મો ગણેશોત્સવ શરૂ થયેલો છે. જે આગામી તા. ૬–૯ શનિવારના રોજ ગણેશ વિસર્જન સાથે સંપન્ન થશે. આ ગણેશોત્સવ દરમિયાન ગઈકાલ સાંજના સમયે અમરેલી મુકબધિર સ્કૂલના વિદ્યાર્થીઓ અને અંધશાળાના વિદ્યાર્થીઓના હસ્તે મહા આરતીનુ આયોજન કરાયું હતું.

આમ જોઈએ બીજા તમામ તહેવારોમાં ભકતો મંદિરે દર્શન કરવા માટે થઈને જાય છે, પણ ગણેશ ઉત્સવની ખૂબી એ છે કે, આ ગણેશ ભગવાન આપણાં સૌના ઘરમાં પધારે છે. ભગવાન ગણેશજીની ભકતોના ઘરમાં, ફળિયામાં સ્થાપના થાય છે. નાનાં બાળકથી લઈને વડીલો આ ગણેશોત્સવની ઉજવણીમાં ભાગ લે છે. સાચા અર્થમાં ગણેશોત્સવ હવે લોકોત્સવ બની ગયો છે.

આ ગણેશોત્સવનો પ્રભાવ અમરેલીની બજારમાં વર્તાય છે. રિદ્ધિ–સિદ્ધિ અને બુદ્ધિના દેવતા પ્રથમ પૂજાતા અધિષ્ઠાતા કહેવાય છે. ગણેશ પંડાલ હવે મુંબઈ કે મોટા શહેરો પૂરતા જ સીમિત નથી. નાનાં ગામ કે શહેરમાં પણ સેંકડો જગાએ સામૂહિક ઉજવણી થાય છે અને લાખો ઘરોમાં ગણેશજી મૂર્તિસ્વરૂપે પહોંચે છે.

હવે તો પ્લાસ્ટર ઓફ પેરિસથી પર્યાવરણને થતાં નુકસાનને ધ્યાને લઈને લોકો માટીના ગણેશજી પસંદ કરવા લાગ્યા છે. ગણેશ ચતુર્થીએ ભકિત અને આનંદની ભરતી આવે છે. ગણેશ વિસર્જનના થોડા દિવસો પછી નવરાત્રિની ધમાલ શરૂ થાય ને છેલ્લે દિવાળી મહાપર્વ આવી જાય છે.

## ૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર, ‘‘નેશનલ ન્યુટ્રીશન વીક’’ શાકાહાર અપનાવો, રોગ ભગાવો

અમરેલી, તા. ૩૦

૧ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભારતમાં ‘‘નેશનલ ન્યુટ્રીશન વીક’’ મનાવવામાં આવે છે. જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા લોકો પણ એમની સાથે જોડાયા છે. ભારત દેશમાં તો પશુ–પક્ષી–પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે ાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ્મી માટે ઘુવડ, શીતળા માતા માટે ગધેડો, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડા અને બહુચરા માતા માટે કુકડો પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ–પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે. વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ આનાથી ઘણા વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિકસ–પેક એબ્સવાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ–પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક પણ વ્યકિતને બાવડેબાજ અને મજબૂત બનાવી જ શકે છે.

શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ–ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ–પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.




શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. શાકાહારનાં સેવનથી માનવશરીર બિનજરૂરી ચરબીનાં જમા થવાથી બચી જાય છે. હા, એ વાત અલગ છે કે સ્વસ્થ વ્યકિત અગર ચીઝ, જંક ફૂડ અને કોલ્ડ–ડ્રિંક્સનું ખાન–પાન ચાલુ રાખે છે, તો તેને ઘણી બધી આડઅસરો જોવા મળી શકે છે, તદુપરાંત ચરબીનાં થર જામશે એ અલગથી! સ્વસ્થતાનો માપદંડ ગણાતો ‘‘બોડી માસ ઈન્ડેક્સ’’ (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે. શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યકિતને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

– મિત્તલ ખેતાણી
(૯૮૨૪૨ ૨૧૯૯૯)

## બાબરકોટ : પી.એચ.સી. ખાતે એન સી.ડી. તથા જનરલ કેમ્પ યોજાયો





અમરેલી, તા. ૩૦

માનનીય ડી.ડી.ઓ પંડયાની સુચના મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોશી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. ટાંકના માર્ગદર્શન હેઠળ આજરોજ બાબરકોટ પ્રાથમિક આચરોગ્ય કેન્દ્ર ખાતે ઓન.સી.ડી. તેમજ જનરલ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું ઉદ્ધાટન ગામના સરપંચ અનકભાઈ તથા પંચાયતના ઉપપ્રમુખ કરશનભાઈએ દીપ પ્રાગટય ધ્વારા કર્યુ.

કેમ્પ દરમિયાન ડો. આઈ.જે. મોરી (મેડિકલ ઓફિસર) તથા સદવિચાર હોસ્પિટલ, રાજુલાના જનરલ સર્જન ડો. અશ્વિન હડિયા સેવા આપી કુલ ૮૮ દર્દીઓની તપાસ કરી દવાઓ આપવામાં આવી. આ પ્રસંગે લેબોરેટરી ટેકનીશિયન ઉમેશભાઈ વાલા, ફાર્માસિસ્ટ મોહનભાઈ તથા સુપરવાઈઝર હિતેષભાઈ, મુકેશભાઈ અને રણછોડભાઈએ ઉત્સાહપૂર્વક કામગીરી કરી કેમ્પને સફળ બનાવ્યો.

## વડેરા ખાતે એનસીડી કેમ્પમાં મેડિકલ ચેકઅપ થયુ



અમરેલી, તા. ૩૦

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષી, તાલુકા આરોગ્ય અધિકારી ડો. જાફ્ફ અને મોટા આંકડીયા મેડીકલ ઓફીસર ડો. મીત મોદી અને ડો. કીર્તિ મણવરના માર્ગદર્શન હેઠળ આજરોજ આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે એન.સી.ડી કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમા ૩૦ વર્ષ કરતા મોટી વય ધરાવતા વ્યકિતઓનુ બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કરવામાં આવેલ. અને પ્રાથમિક સારવાર આપવામાં આવેલ. આ કેમ્પમાં વડેરા ગામના ૬૭ વ્યકિતઓએ લાભ લીધેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનો સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત, ડી.જી. રાજયગુરૂ, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવ એ જહેમત ઉઠાવેલ.

## કોટડાપીઠા ખાતે સ્વાતંત્ર્યદિને આચાર્યનુ બહુમાન કરાયુ



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૩૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ખાતે ૭૯માં સ્વાતંત્ર્ય દિનની તાલુકા કક્ષાએ ઉજવણીમાં કરવામાં આવેલ. આ પ્રસંગે શિક્ષણ વિભાગ તરફથી તાલુકા પ્રતિભાશાળી શિક્ષકોનું સન્માન કરવામાં આવેલ.

વધુમાં બહુવીધ તથા વિશિષ્ટ પ્રતિભા શીક્ષક બોરીચા મધુભાઈ કેનું મામલતદાર કચેરી દ્વારા જિલ્લા પંચાયતનાં પી.ડી. કોઠીવાળ હસ્તે વિશેષ સન્માન કરવમાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા નાયબ મામલતદાર માંજરીયા, અચાર્ય, સરપંચ સત્યજીતભાઈ વાળા ઉપસરપંચ, ગ્રામપંચાયતના સભ્યો કન્યા પે સેન્ટર શાળાના આચાર્ય અજયભાઈ મધુભાઈ વાલજીભાઈએ જહેમત ઉઠાવેલ હતી. તેમજ સાથે એક પેડમાં કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ.

### ચેરમેન હરજીભાઈ નારોલાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો


## દામનગર માર્કેટયાર્ડમાં મગફળીનું ટેકાના ભાવે ખરીદીનુ કેન્દ્ર શરૂ કરો

### માર્કેટયાર્ડ દ્વારા તમામ સગવડતા આપવામાં આવશે

દામનગર, તા. ૩૦

દામનગર માર્કેટયાર્ડનાં ચેરમેન હરજીવનભાઈ નારોલાએ રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, દામનગર પંથકમાં મગફળીનું વાવેતર વ્યાપક પ્રમાણમાં થયેલ છે અને સારી ગુણવતાની મગફળીનું ઉત્પાદન થવાનુ હોય ખેડુતો નજીકમાંજ ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરી શકે તે માટે કેન્દ્ર ફાળવવા અંતમાં માંગ કરેલ છે.





### બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ માટે

## અમરેલી જિલ્લાનાં તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં NCD સ્ક્રીનિંગ યોજાયુ

### ૧૭ હજારથી વધુ વ્યકિતઓની ચકાસણી કરાઈ



અમરેલી, તા. ૩૦

ભારત સરકારના આરોગ્ય કાર્યક્રમ નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ (NP-NCD) હાયપર ટેન્શન (બીપી) અને ડાયાબીટીસ વિશે જાગૃતિ લાવવા અને આ સાયલન્ટ કિલર સમાન રોગોની નિયંત્રિત કરવા તેમજ નિવારવા માટેના પગલાઓને પ્રોત્સાહન આપવા માટે સરકાર કટિબધ્ધ છે. જે અંતર્ગત ૩૦ વર્ષ કે તેથી વધુ વયની વસ્તીનુ NCD અંતર્ગત સ્ક્રીનિંગ દર મંગળવારે અને શુક્રવારે અમરેલી જિલ્લાના દરેક સરકારી આરોગ્ય કેન્દ્રો ઉપર કરવામાં આવે છે. આ NCD કાર્યક્રમ અનુસંધાને જિલ્લા પંચાયત પ્રમુખ, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષીના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ NCD સ્ક્રીનિંગ કેમ્પ અમરેલી જિલ્લાના તમામ સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને આયુષ્યમાન આરોગ્ય મંદિર ઉપર તારીખ ૨૯/૮/૨૫ને શુક્રવારના રોજ એક દિવસ માટે યોજવામાં આવ્યા હતા. જેમાં ૧૭૩૦૫ જેટલા લોકોની હાયપર ટેન્શન (બીપી) અને ડાયાબીટીસ તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૪૩૭ જેટલા લોકો હાયપર ટેન્શન (બીપી) અને ૧૬૪૮ જેટલા લોકોને ડાયાબીટીસ હોવાનું માલુમ પડયું હતું. ઉપરાંત આ કેમ્પમાં ૪ જેટલા સ્તન કેન્સરના શંકાસ્પદ કેસ અને ૫ જેટલા મોઢાના કેન્સરના શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા. સાથે સાથે ચોમાસાની ૠતુના કારણે રોગચાળો વધવાની શકયતાને ધ્યાને લઈ જનરલ OPD પણ કરવામાં આવેલ જેમાં વાહકજન્ય રોગો અને પાણીજન્ય રોગોથી થતી બીમારીઓ વિષે અને તેનાથી બચવા માટે શું શું ધ્યાન રાખી શકાય તેના વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઉપરોકત સાયલન્ટ કીલર સમાન બંને રોગો હાયપર ટેન્શન (બીપી) અને ડાયાબીટીસ સમયાંતરે તપાસ કરાવીને પોતાની હેલ્થની સ્થિતિ અંગેની જાણકારી રાખે અને વાહકજન્ય રોગો અને પાણીજન્ય રોગોથી થતી બીમારીઓ વિષે લોકો જાગૃતિ કેળવે તેવુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવે છે.

### સારહિ યુથ કલબ દ્વારા સંચાલિત

## અમરેલીનાં તપોવન આશ્રમ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા આધ્યાત્મિક શિબિરનું આયોજન થયું

### સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૩૦

સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ તપસ્વીઓ માટે પ્રજાપિતા ઈરીય બ્રહ્મા કુમારી વિ વિદ્યાલય ૭ દિવસ માટે રાજયોગ શીબીર તથા ભગવાન ગણેશજીનું આધ્યાત્મિક રહસ્ય વિશે સમજાવેલ.

પ્રજાપિતા ઈરીય બ્રહ્માકુમારી વિ વિદ્યાલય સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા – પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ અવસરે શ્રીમતિ સેજલબેન મુકેશભાઈ સંઘાણી, જિલ્લા મધ્યસ્થ બેંક ડાયરેકટર સંગીતાબેન જોશી સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ.



પ્રજાપિતા ઈરીય બ્રહ્મા કુમારી વિ વિદ્યાલય– અમરેલી દ્વારા સારહિ પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.




## પૂ. ઉષા મૈયા (શિવ દરબાર આશ્રમ, કાનાતળાવ)ની ઉપસ્થિતિમાં

# સાવરકુંડલામાં ગણેશોત્સવમાં ઓપરેશન સિંદૂરનું શૌર્ય દર્શાવતું પ્રદર્શન યોજાયુ

**સદ્ભાવના ગૃપ દ્વારા જે.વી. મોદી હાઈસ્કૂલનાં પટાંગણમાં કરાયુ છે ગણેશોત્સવનું સુંદર આયોજન**

**મોટી સંખ્યામાં શહેરીજનોએ ''ગણેશોત્સવ''માં ઉપસ્થિત રહીને ગણપતિ દર્શન અને શૌર્ય ગાથા નિહાળી**

**પ્રભુ ભકિત સાથે દેશભકિતનો સંગમ જોવા મળતાં ઉપસ્થિત સૌ કોઈ ભકિતનાં રંગે રંગાયા**

**ધારાસભ્ય, કલેકટર, ડીડીઓ, એસપી સહિતનાં મહાનુભાવોએ આરતી વંદના કરી ધન્યતા અનુભવી**




સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામાંજે.વી.મોદી હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાંસદ્ભાવનાગૃપ આયોજીત ગણેશ મહોત્સવમાં ત્રીજા દિવસે પહેલગામમાં થયેલ આંતકી હુમલાના શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાંમાટેઓપરેશનસિંદુરથીમપર આધારિત એક ભવ્ય પ્રદર્શન ભારતીય સેનાનાશૌર્યઅનેબલિદાનનેગૌરવસાથે રજૂ કરવામાં આવ્યું.

આ પવિત્ર અને ગૌરવપૂર્ણ અવસરે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિરહી, જેમાંપરમપૂજયઉષા મૈયા (શિવ દરબાર આશ્રમ કાનાતળાવ), અમરેલી જીલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, એસ.પી. સંજય ખરાત, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, અમરેલી જીલ્લા ડી.ડી.ઓ. પરિમલ પંડયા, પ્રાંત અધિકારી, જીલ પટેલ, મામલતદાર પંડયા, ટી.ડી.ઓ. જીગ્નેશ પટેલ, પી.આઈ. અગ્રાવત, રૂરલ પી.આઈ. ચૌધરી, શહેર નગરપાલિકાપ્રમુખમેહુલભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## સવારના ૯થી બપોરનાં ૧ વાગ્યા સુધીમાં બનાવ બન્યો

# લીલીયાનાં આંબા ગામે રહેણાંક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ મળી રૂપિયા ૮.૭૧ લાખનાં મુદ્દામાલની ચોરી

**તસ્કરોએ મોકળુ મેદાન જોઈને ધોળે દિ'એ હાથફેરો કરી લીધો**



લીલીયા, તા. ૩૦

લીલીયા તાલુકાના આંબા ગામે ખોડાભાઈ રવજીભાઈ સાવજના રહેણાંકમકાનમાં થઈ રોકડ તેમજ સોના ચાંદીના દાગીનાંની ચોરી બનાવની વિગત એ મુજબની છે કે ફરિયાદી રવજીભાઈ સાવજ સવારના આશરે નવેકવાગ્યાથીબપોરના આશરે એકાદ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકે થી બહારગામ ગયેલ હોય તે દરમ્યાન કોઈ અજાણયા ચોર ઈસમ ફરીયાદીના રહેણાંક મકાને ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદી તથા સાહેદના મકાનના રૂમોના દરવાજાના નકુચા સહીત તાળા તોડી ઘરમા પ્રવેશ કરી ફરીયાદીના રૂમના

અનુસંધાન પાના ૬ ઉપર

## એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજુલામાં થોડા દિવસો પહેલા બંધ રહેણાંક મકાનમાંથી થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

**ઝડપાયેલ આરોપી ચતુર ગુજરીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**



અમરેલી, તા. ૩૦

રાજુલા ગામે આવેલ કન્યા શાળા નં.૩નીપાસેરહેતાસદરૂદિનભાઈ દલનામનાઈસમનેગતતા.૧૨/૧૧/૨૪ નાં રોજ થોડા દિવસ માટે બહાર ગામ જવાનુંહતું. જેથીપોતેગીફટમાટેલીધેલ iphone ફોન તથા Samsung કંપનીનો Ultra મોડલના એન્ડ્રોઈડ મોબાઈલફોનમળી મોબાઈલફોનનંગ

અનુસંધાન પાના ૬ ઉપર







## મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક કચેરી દ્વારા

# જાફરાબાદ : લાઈટ હાઉસમાં લાગેલ સિગ્નલ-3 ઉતારી લેવામાં આવ્યું

**માચ્છીમારોને દરિયા ખેડવા જવા માટે પરિપત્રથી સુચના**

અમરેલી, તા. ૩૦

ગુજરાતમેરીટાઈમબોર્ડની વડીકચેરીનાતા. ૩૦/૮/૨૦૨૫નારોજ સ્થાનિક કચેરી ને સુચના આપવામાં આવતા લગાડવામાં આવેલ સિગ્નલ ૩ ઉતરવા આદેશ તથા જાફરાબાદ મદદનીશમત્સ્યોદ્યોગકચેરીદ્વારાઉતારી લેવામાંઆવેલ તથા મત્સ્યોદ્યોગની વડી કચેરી ગાંધીનગરના આધાર પત્ર ૩ વાળા પત્રથી સ્થાનિક મદદનીશ મત્સ્યોદ્યોગનિયમકજાફરાબાદદ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)